Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૧ ● ફેબ્રુઆરી ૨૦૨૫
Volume no. 18, Issue No. 211 February 2025




પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-





ગોધાવી ( અમદાવાદ) બહેનોનાં મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

ભાવનગરપુરા(કલોલ) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





મહિસા મંદિરના પંચમ પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

સૂર્યનગર (મૂળી) મંદિરમાં હનુમાનજીની મૂર્તિપ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી







જમીયતપુરા મંદિરના ૨૨માં પાટોત્સવ પ્રસંગે પ્રભાહનુમાનજીની આરતી ઉતારતા અને શાકોત્સવ કરતા પ.પૂ.મહારાજશ્રી

ડાંગરવા મંદિરમાં સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. મહારાજશ્રી







રાયસણ (ગાંધીનગર) મંદિરના ભૂમિપૂજન પ્રસંગે શાકોત્સવ કરતા તથા સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232



પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in



એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૮ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૧ ● ફેબ્રુઆરી-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના ચરણકમળથી પાવન કાંકરિયાના કણકણમાં બિરાજે શ્રીહરિ | ૦૭ |
| ૦૫. | શ્રીહરિના સાતમાં અને આઠમાં વંશજના મુખેથી આશીર્વચન | ૦૮ |
| ૦૬. | આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ) | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી | ૧૩ |
| ૦૮. | ભક્તિસુધા | ૧૪ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૧૭ |

# અસ્મદીયમ્



વ્હાલા ભક્તો,

ધનુર્માસમાં પવિત્ર સભામંડપમાં ખૂબજ ઉત્સાહથી તાનમાં આવીને બધાએ આખો માસ ખૂબ ધૂન કરી. શ્રીજી મહારાજે જે હેતુથી આ મંદિરનું નિર્માણ કર્યું છે, તે સાર્થક છે જ. પરંતુ ખાસ કરીને બાળકો અને યુવાનોએ વહેલી સવારે હાજરી આપી ધૂન કરી તે પૂજ્ય મહારાજશ્રી, પૂજ્ય લાલજી મહારાજશ્રી અને અમને ખૂબજ ગમ્યું. પૂ. મહારાજશ્રી હંમેશા આપણા દીકરા-દીકરીઓમાં સત્સંગ વિકસે તેની ટકોર કરતા રહે છે.

આપણે બધાએ આપણા મંદિરોમાં દિવ્ય શાકોત્સવો ઉજવીને ધન્યતા અનુભવી. અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ દરમ્યાન અલૌકિક શાકોત્સવ અને ઉત્તરાયણના દિવસે તમામ દર્શનાર્થીઓને ઉંધીયુ, જલેબીનો પ્રસાદ જમાડ્યો હતો. હવે યાદ છે ને ! શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી સંવત ૧૮૮૨ મહાસુદ પંચમી-વસંત પંચમીએ લખી છે તે સંવત ૨૦૮૨ માં ૨૦૦ વર્ષ થશે. આપણે દર વર્ષ મૂળીમાં વસંત પંચમીનો સમૈયો કરીએ છીએ. હવે પૂજ્ય લાલજી મહારાજશ્રીએ જાહેર કર્યું છે કે શિક્ષાપત્રીનું આ ૨૦૦ મું વર્ષ આપણા સત્સંગમાં **તા. ૨૩-૦૧-૨૦૨૬ થી તા. ૨૭-૦૧-૨૦૨૬** પર્યન્ત ભવ્ય **"સમૈયો"** ઉજવાશે. ખાસ કરીને આપણે વિચારવાનું છે કે આપણે શ્રીજી મહારાજની આજ્ઞાનું બરાબર પાલન કરીએ છીએ કે નહિ "શિક્ષાપત્રી" તો આપણું અમૂલ્ય ઘરેણું છે. જીવન કેમ જીવવુંથી માંડીને માનવ જીવનનો હેતુ અને ઉપાસનાનું તત્વજ્ઞાન મહારાજે આપણને લખીને આપ્યું છે.

આ સંસારમાં જન્મનો હેતુ શું ? મહારાજે સર્વે સત્સંગીને નિત્યે સાવધાન થઈને શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવાની આજ્ઞા કરી છે. સાથે સાથે કહ્યું છે કે પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું.

મનુષ્ય જન્મની સાર્થકતા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ શિક્ષાપત્રીની આજ્ઞા પાલનથી જ શક્ય છે.

તો આપણે સૌ મળી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી વર્ષને એવું ઉજવીએ કે આપણું જીવન ધન્ય બની રહે !

એ જ સર્વે ભક્તજનોને અમારા હેતથી જયશ્રી સ્વામિનારાયણ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**

# તવારીખ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

**(જાન્યુઆરી-૨૦૨૫)**

૩-૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ભારાપર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૯ ડાંગરવા ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

૧૦ ચાંદખેડા શ્રી સ્વામિનારાયણ મંદિર કથા પ્રસંગે પધરામણી. શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર એકાદશી પ્રસંગે પધરામણી.

૧૨ કાલુપુર મંદિર ધૂનમાં બિરાજીને સભામાં શાકોત્સવનો વઘાર કર્યો અને ત્યાંથી શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા પાટોત્સવ પ્રસંગે અને રાયસણ ગાંધીનગર પારાયણ પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધાવી (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૫ સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. કાલુપુર મંદિર.

૨૮ સૂર્યનગર ગામે (મૂળી પ્રદેશ) શ્રી હનુમાનજી મહારાજની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૯ શ્રી સ્વામિનારાયણ મંદિર મહિસા (તા. કપડવંજ) પંચમ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦ ભાવનગરપુરા (તા. કલોલ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની



**(જાન્યુઆરી-૨૦૨૫)**

૩ મહિજ (જેતલપુર પ્રદેશ) ગામે પધરામણી.

૫ ટોરડા શ્રી સ્વામિનારાયણ મંદિર સાબરકાંઠા યુવક મંડળ સ્નેહ મિલન, નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ, શિલજ નવનિર્મિત મંદિર ભૂમિ પૂજન-શાકોત્સવ અને પારાયણ પ્રસંગે પધરામણી.

૮ ચાંદખેડા કથા પ્રસંગે પધરામણી.

૧૦ એકાદશીના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પધરામણી.

૧૨ મહેસાણા મંદિર યુવક મંડળના સ્નેહ મિલન પ્રસંગે પધરામણી.

૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર વિજાપુરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

૨૪ ઘમીજ ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮ ભાવનગરપુરા (તા. કલોલ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.





# પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ

- સાધુ પુરૂષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રી સ્વામિનારાયણ ભગવાને આત્યંતિક કલ્યાણના પાતાળિયા પાયા નાખવા માટે અને સર્વોપરી ઉપાસના અખંડ રાખવા માટે ભવ્ય મંદિરો રચવાનું નક્કી કર્યું. પોતાના આ સંકલ્પ મુજબ સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં સૌ પ્રથમ આનંદાનંદ સ્વામીના હસ્તે ભવ્ય શિખરબદ્ધ મંદિર બંધાવ્યું.

આ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજ તારીખ ૨૪-૦૨-૧૮૨૨ રવિવારના રોજ અતિ ભવ્યતા પૂર્વક સ્વામિનારાયણ ભગવાને કરી. મંદિરના મધ્યખંડમાં ભરતખંડના રાજા નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, મોક્ષનું સદાવ્રત ખોલ્યું. અનેક દર્શનાર્થીઓએ દર્શનનો લાભ લીધો. સર્વત્ર જયજયકાર થયો.

પછી તે જ દિવસે સાંજે સ્વામિનારાયણ ભગવાને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે મોટા સંતોને બોલાવ્યા અને કહ્યું આપણે મંદિર તો તૈયાર કર્યું; આ મંદિરની સેવા રીતિ ભક્તિભાવના વૈષ્ણવ પરંપરા મુજબ કરવી છે. વૈષ્ણવ પરંપરામાં વલ્લભાચાર્યજી મહારાજના પુત્ર વિઠ્ઠલનાથજીની સેવા રીતિ ભક્તિભાવના સરસ છે અને અમને પ્રિય છે. પરંતુ તેઓને જગાડવા પોઢાડવા વગેરે રીત આપણે અપનાવીએ, તો પ્રભાતિયા તથા પોઢણીયાના પદો બનાવવા જોઈએ. જેથી સૌમાં ભક્તિ ભાવના વિશેષ પાંગરે. તેનું કેમ કરશુ? સંતો તમારો શું અભિપ્રાય છે ? મોટેરા સંતોએ -સ્વામિનારાયણ ભગવાનની આ વાતને સહર્ષ સ્વીકારી અને વૈષ્ણવી પરંપરા મુજબ આપણા મંદિરોમાં સેવા રીતિની પ્રથા ચાલું થઈ.

પછી શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, આજે જ રાત્રે ભગવાનને પોઢાડવા પડશે ! માટે તમો એક પ્રાર્થનાત્મક પોઢણીયાની રચના કરો. પછી શ્રીહરિની આજ્ઞા મુજબ સત્સંગની માં મુક્તાનંદ સ્વામીએ સંવત ૧૮૭૮ ફાગણ સુદ ત્રીજના દિવસે સંધ્યા સમયે બિહાગ રાગમાં; ''પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ; આ નૂતન પોઢણીયાની રચના કરી અને રાત્રીએ જ્યારે દેવને પોઢાડવાનો સમય થયો, ત્યારે મુક્તાનંદ સ્વામીએ શું મધુર કંઠે આ પદ મહારાજની સન્મુખ મંદિરમાં ગાયું.

તેથી સ્વામિનારાયણ ભગવાન અને સૌ સંતો ભક્તો ખૂબ જ રાજી થયા.

પછી સભાને સંબોધતા સ્વામિનારાયણ ભગવાને કહ્યું,જેવો અમારા અંતરનો અભિપ્રાય હતો એવું જ મુક્તાનંદ સ્વામીએ આ પદ રચ્યું છે. સૌ સંતોના વિશ્રામ અને અક્ષરથી પર પુરુષોત્તમ નારાયણ અમે અવની ઉપર આવ્યા અને ધરતી ઉપર અક્ષરધામનો આનંદ રેલાવ્યો. અમારા ચરણની રજને પ્રતાપે અનેક લોકો મહાનિષ્કામી બન્યા. આવો મહિમા સભર ભાવ આ પદમાં છે. માટે નિત્ય આ ભાવને હૃદયમાં ધારી સૌ આ પોઢણીયું બોલજો. તેમાં અમે અતિશય રાજી છીએ.

આ રીતે પોઢે પ્રભુ સકલ મુનિ કે શ્યામ;
સ્વામિનારાયણ દિવ્ય મૂર્તિ, સંતન કે વિશ્રામ.

આ પોઢણીયાનું પદ શ્રીજી મહારાજના સમયથી ગવાતું અતિ પ્રસાદિક છે અને શ્રીહરિની આજ્ઞા મુજબ આજે પણ સંપ્રદાયના પ્રત્યેક મંદિરમાં બાળકથી માંડીને વૃદ્ધો સુધીના; ભણેલા કે અભણ; સૌ ભક્તજનો નિત્ય રાત્રીએ આ પદ ગાય છે. મંદિરની જેમ જ પોતાના અંતરઆત્મામાં પ્રભુને પધરાવી દિવ્ય આનંદનો અનુભવ કરે છે. આપણે પણ આ પદમાં કહેલ પ્રાર્થનાત્મક ભાવનાઓને હૃદયસ્થ કરી, મૂર્તિ માટે વિરામ કરીએ. દરેક હરિભક્તોએ ઘેર ઘેર ઘર મંદિરની મૂર્તિ સન્મુખ બોલીને પોઢાડવાના સમયે પોઢણીયું ગાવવું. અને માનસી પૂજામાં ભગવાનને પોઢવાના પ્રસંગે આ પોઢણીયું ગાવું. આ પોઢણીયું બોલનારાના હૃદયકમળ સાક્ષાત્ ભગવાન પ્રત્યક્ષ પોઢવા પધારે છે. ત્યાર પછી શ્રીહરિ સમકાલીન જે નવમંદિરોમાં નિત્ય નિયમ પછી આ પોઢણીયું બોલવાનું શરૂ થયું. પછી હરિ મંદિરો સંતોના મંડળોમાં બોલવાની પરંપરા થઈ. આજે પણ આખા સત્સંગમાં આજ પોઢણીયું ગવાય છે.

# શ્રીહરિના ચરણકમળથી પાવન કાંકરિયાના કણકણમાં બિરાજે શ્રીહરિ

- સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર મહંતશ્રી)



ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે વિશ્વનું સૌ પ્રથમ મંદિર અમદાવાદ મધ્યે નિર્માણ કરાવી આજથી બસો ત્રણ વર્ષ પહેલાં બાથમાં લઈ શ્રી નરનારાયણદેવ વિ.સં. ૧૮૭૮ ના ફાગણ સુદ-૩ ના રોજ પધરાવી મુમુક્ષુ જીવાત્માઓ માટે મોક્ષનું સદાવ્રત ખુલ્યું મૂક્યા બાદ અનેક બ્રહ્મદેવોને ભાવપૂર્વક જમાડવાનો શુધ્ધ સંકલ્પ કરી ફાગણ સુદ-૫ (પંચમી)ના મંગલમય દિવસે બ્રહ્મચોરાસી કરી ત્રિલોકીમાં જય જય કાર કર્યો.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્તશાસ્ત્રોમાં આ બ્રહ્મચોરાશીનું અદ્‌ભુત અને અવર્ણનીય વર્ણન કર્યું છે. એ સમયમાં આવી અલૌકિક બ્રહ્મચોરાશી કરવી એ ''અનોખી અને આગવી ભવ્યતા અને ઉદારતા'' ગણાતી. આજે પણ આ કાંકરિયા સરોવરની આસપાસ વિહાર કરવાથી અનોખી અને હૃદય સ્પર્શી શાંતિ નો અનુભવ આહ્‌લાદ અને અજોડ લાગે છે. એટલે જ લખવાનું મન થાય છે. સાથે સાથે અનુભવાય છે કે, શ્રીહરિના ચરણકમળથી પાવન કાંકરિયાની ધરતીના કણકણમાં આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ વસે છે અને એનો પ્રભાવ શ્રી નરનારાયણદેવની ગાદીના તાબાનું રામબાગમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર તેમજ શ્રી બાલસ્વરૂપ કષ્ટભંજનદેવનું મંદિર સાક્ષી પૂરે છે.

### કાંકરિયા-હિંમતનગર મંદિરના નવા મહંત સ્વામીની નિયુક્તિ

**કાંકરિયા રામબાગ અમદાવાદ** : શ્રી સ્વામિનારાયણ મંદિરના નવા મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી અભિષેકપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી નારાયણવલ્લભદાસજી (વડનગર)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

**હિંમતનગર** : શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગરના નવા મહંત પદે સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી સદ્‌ગુણદાસજીને નિયુક્ત કરવામાં આવ્યા છે.

### સંપ્રદાયનું ગૌરવ

પ.ભ. ઘનશ્યામભાઈ શાહ (એસ.ટી.ના નિવૃત અધિકારી) ના સુપુત્ર ડૉ. સંજયભાઈ શાહ એપોલો હોસ્પિટલ ભાટ-ગાંધીનગર ખાતે સેવા બજાવે છે. તેમને તા. ૧૧-૧-૨૦૨૫ ના રોજ માન. શ્રી પાટીલ સાહેબના હસ્તે ટાઈમ્સ ઓફ નેટવર્ક દ્વારા **લીડર્સ નવ ભારતનો એવોર્ડ** તેમની ટ્રોમાકેર અને ઈમર્જન્સી સર્વિસની સારી સેવા માટે આ એવોર્ડ એનાયત થયો છે. સમગ્ર ધર્મકુળ તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે આશીર્વાદ પાઠવે છે.

### પૂનમ સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણાથી પોષ સુદ-૧૫ પૂનમ તા. ૧૩-૧-૨૦૨૫ સોમવાર સત્સંગ સભા, ઠાકોરજીને થાળ, સંત-હરિભક્તોને રસોઈ આદિ એક નિષ્ઠાવાન હરિભક્તના યજમાનપદે થઈ હતી. કથાના વક્તા શાસ્ત્રી સ્વામી નિલકંઠચરણદાસજી (કોટેશ્વર).



# શ્રીહરિના સાતમાં અને આઠમાં વંશજના મુખેથી

# આશીર્વચન



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. મહારાજશ્રી, પંચવટી કલોલ મંદિર સાતમાં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે, તા. ૯-૧૨-૨૦૨૪ :** કામ કરે એ અમારા થાય છે. એ તો આ દુનિયાની પદ્ધતિ છે. સારું લાગે એ મારું જ થઈ ગયું કહેવાય. પી.પી. સ્વામીએ જમીનની વાત કરી એ મૂળ સરસ વાત છે.

ભારત દેશને ચલાવવામાં બ્રિટીશ સરકાર પ્રત્યક્ષ Involve (સામેલ) નહોતી. બ્રિટિશ સરકારે ઈસ્ટ ઈન્ડિયા કંપની રાખેલી અને એ કંપની તેમના વતી ભારત દેશને ચલાવતી હતી. મહારાજનો પ્રભાવ બધા ઉપર હતો. જેથી આ કંપનીના અધિકારીઓએ મહારાજને મળીને પ્રથમ તો પૂછ્યું કે તમારી પાસે મઠ બઠ કંઈ છે કે નહિ ? તમારા દ્વારા આટલી સારી પ્રવૃત્તિ જ્યારે થઈ રહી છે ત્યારે તમારી એવી કોઈ જગ્યા માટે જોઈએ એટલી જમીન અમે આપીએ. મહારાજ કહે, અમને તો હાથમાં એક રૂમાલ રાખવાનુંય વજન થાય છે. રૂમાલ સાચવવાનો, હાથમાંથી પડી જાય એને પાછો ઉપાડવો પડે આ બધુ મેઈન્ટેનન્સ છે. આપણે મહારાજનો સ્વભાવ સ્વભાવિક ચેષ્ટાના પદોમાં રોજ ગાઈએ છીએ. વચનામૃત તથા લીલા ચરિત્રમાં પણ સાંભળીએ છીએ. અમદાવાદ મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં માણસોની ભીડ જોઈને તથા ચોર્યાશીના શ્રમરૂપી ઉપાધિનો તાપ ટાળવા માટે મહારાજ ઉત્સવના અંતે ગણેશ ધોળકાની રાયણમાં સંતાણા. આપણી ભાષામાં કહીએ તો ડિટોક્ષ કરવા. હમણા નવું ચાલ્યું છે. ડિટોક્ષ કરવાનું. શરીરનું શુધ્ધિકરણ, એમ મગજનું શુધ્ધિ કરણ. માણસોની ભીડથી દૂર જઈને શાંતિ જોઈએ છે પણ વાસ્તવિક રીતે પોતાના ભક્તજનોના તનના અને મનના શ્રમરૂપી તાપને હરવા માટેની તેમજ ગમે તેટલો મોટો ઉત્સવ થાય પણ તેમાં આપણને કર્તાપણાના અભિમાનથી દૂર રહેવા માટેની આ લીલા છે.

મંદિરનો સંકલ્પ તો મહારાજે કરેલો જ હતો એટલે કાલુપુર મંદિરની જગ્યા જ્યારે આપી ત્યારે **એ સમયના જમીનના નકશા અને ઓરિજિનલ દસ્તાવેજ આપણી પાસે છે.** જે આપણે લોકો માટે Open (ખુલ્લું) નથી કરેલો. જૂની પધ્ધતિ પ્રમાણે તેમાં લખ્યું છે કે ફલાણી શેરીમાં ફલાણા વ્યક્તિના ઘરથી લઈને ફલાણી શેરી સુધી. જેમાં જોવા જઈએ તો લગભગ કાલુપુર રેલ્વે સ્ટેશનથી સીદી સૈયદની જાળી સુધીની બધી જગ્યા આપણી જ છે. પણ હમણા મહંત સ્વામીએ વાત કરીને એમ આ તો બધુ જતું રહે. ઈતિહાસ બધા જાણો છો પણ આ સંદર્ભમાં યાદ રાખવા જેવી વાત છે. જમીનનું નક્કી કર્યું ત્યારે અધિકારીઓ કહે, ૯૯ વર્ષના પટ્ટે લખી આપીએ. મહારાજ કહે, અમારે જોઈતી નથી. એ વસ્તુમાં અમે માનતા નથી. હવે આ તો કંપની હતી એટલે તેની પાસે એટલી જ સત્તા હતી. કાયમી લખી આપવાની સત્તા નહોતી. તો એ વખતે કાગળ શિફ્ટ કરીને વહાણમાં લંડન મોકલાવ્યો. **સૂર્ય ચન્દ્ર તપે ત્યાં સુધીના આપણા હકનો દસ્તાવેજી કાગળ પર રાણીનો સિક્કો વાગ્યો અને રાણીના એ સીલ વાળો કાગળ આજે આપણી પાસે છે.** એટલે મહારાજ પાકા તો ખરા !

જગતની ત્રણની કહેવતમાં એક આપણે ‘સ્વામિનારાયણિયા’ પાકા કહેવાતા હોઈએ તો આપણો બાપ કેવો પાકો હોય ! એટલે મહારાજ કાચું ન રાખે ! મહારાજ કહે, અધકચરું મૂંડવામાં અમને નથી ગમતું. આપવું હોય તો સરખું આપવું. મહારાજે ખટકો બધી જગ્યાએ રાખેલો છે એટલે દા.ત. વહીવટમાં હું ખટકો રાખતો હોઉં તો એ મોટી વાત નથી. મહારાજે ચોર્યાશી કરી ત્યારનો પત્ર આપણી પાસે છે પણ આપણી તકલીફ એ છે કે મ્યુઝિયમમાં જઈએ એટલે આમ તેમ ફરીને દર્શન કર્યા ના

કર્યા બાપજીનું દર્શન કરી ગપાટા મારીને નીકળી જઈએ. **હકીકતમાં પ્રસાદીના એ પત્રો વાંચવા અને બહુ સમજવા લાયક છે.** વિચાર છે કે એ બધા પત્રોને Magnified (વંચાય તેવા મોટા) કરવા છે. ચોર્યાશી કરી ત્યારે આગેવાન બધા ભક્તોને પત્રમાં ભાર પૂર્વક આજ્ઞા કરેલી કે તમે વેપારી પાસે સીધું લેવા જાઓ ત્યારે ખાસ શરત કરવાની કે જે સીધું વધે તે પાછું લઈ લેવાનું, વિચાર કરો. આ ચીવટ કેવી કહેવાય ! આ લોભ વૃત્તિ નથી. આ ચીવટ છે. લોભવૃત્તિ જુદી વસ્તુ છે. ઉઠામાં કરીને મંદિર ને ખેતરો જતા રહે એ લોભ વૃત્તિ કહેવાય. **નાનામાં નાની વસ્તુની ચીવટ તો હોય ને, કારણ કે આ તો દેવનું છે. ભગવાનનું છે. આપણે જેનું ભજન કરીએ છીએ, જેને સર્વોપરી માનતા હોઈએ, સવારમાં જેનું સ્મરણ પૂજા કરતા હોઈએ. જેનાથી આપણું અસ્તિત્વ છે.**

પ્રહલાદભાઈ બેઠા છે. કરજીસણમાં શું દશા થઈ ? પ્રત્યક્ષ દાખલો છે. મોખાસણમાં શું દશા થઈ ? આવા તો ૨૫ દાખલા આપુ પણ આ તો સામે બેઠા છે. એટલે યાદ આવ્યું. ભવિષ્યમાં આપણે આ જોવું નથી. આપણા બાપનું હોય અને કોક ઠામી જાય તો શું કરવાનું ? વિચાર કરો. તમે મંદિરમાં આવ્યા અને કોક પાકીટ મારી જાય તો તમે શું કહેશો એને ? એવું આ કહેવાય. પાકીટ મારી જાય એ તો બરાબર છે. પૈસા કમાઈ લેવાય પણ આમા શ્રધ્ધાની સાથે કોઈ ઠગાઈ કરે, શ્રધ્ધા લઈ જાય એ ફરીથી કમાઈ શકાતી નથી. માટે **આપણી શ્રધ્ધા સાથે ચાળા કરતા હોય એનાથી સાવધાન રહેવું. મહારાજે સાવધાનપણાનો આ સત્સંગ રાખ્યો છે. શિક્ષાપત્રીમાં મહારાજે આજ્ઞાઓ કરી ત્યારે બે શબ્દો લખ્યા છે કે પ્રીતિએ કરીને અને સાવધાનપણે અમારી આજ્ઞાનું પાલન કરવું અને આ જ આપણે કરવાનું છે.**

હમણાં મેં મહંત સ્વામીને કહ્યું, તમે તો ભૂકા બોલાવી નાખ્યા. ચારેય બાજુ જગ્યા, જમીન, વહીવટને આ બધુ. આટલી નાની જીંદગી છે અને આટલો મોટો વહીવટ ક્યાં કરવાનો છે આપણે ? મને તો ખબર જ નથી પડતી આ બધી મજૂરી શેના માટે છે ? સરવાળે તો કંઈ છે જ નહી ! સરવાળે શું છે એ કોઈને ખબર નથી ! લોકો રાહ જોતા હોય કે આપણે જતા રહીએ અને એની પાછળ બીજા બેઠા છે. પણ **મંદિર એટલા માટે છે કે મંદિરથી આપણે દિશા પકડી શકીએ છીએ. સંસ્કાર જાળવી શકીએ છીએ. મંદિરથી આપણી ગતિ કઈ બાજુ છે એની ખબર પડે છે.**

હમણાં ઉપરથી મંડપથી નીચે નાનો પથ્થર પડ્યો. દુનિયામાં લોકો આને શુકન થયુ એવું ચલાવે ! ચમત્કારમાં ખપાવે ! આ ચમત્કાર પાછો પુસ્તકમાં લખાઈ જાય. કલોલમાં આવું થયું. એમ કરીને શરૂઆત થઈ જાય. તાંત્રિક, જંત્રિક, મંત્રિક એવું બધુ આવે પણ ભગવાન નથી આવતા. બધુ **થવાય છે પણ માણસ થવામાં તકલીફ પડે છે.**

ભાઈઓને માળા પહેરાવી પણ ફેરવે છે કેટલા ? તમે બહેનોના વિભાગમાં આપી દેજો કારણ કે હકીકતમાં માળા તેઓ જ ફેરવે છે. **માળાની કહેવત છે, માલા તો કર મેં ફિરે, જીભ ફિરે મુખમાય, મન તો ચહુકોર ફિરે, ફિર રામ કહાં સે આય ! ભગવાન ક્યાંથી આવે ?** માળા કરતા કરતા મગજ ચારેય બાજુ ફરતું હોય. ઘડીકમાં ક્યાંક ખોતરવા લાગે તો ઘડીકમાં વિચાર કરે કે ખાવા નું ક્યારે મળશે ? મન ક્યાં ક્યાં નથી ફરતું ? **માળા સાધન છે, લક્ષ નથી. ગમે તે વસ્તુ સાધન છે. ભગવાન સાધ્ય છે. સાધન સાધ્ય ન થઈ શકે.** ઘણીવાર કહું છું, ઘણા ટુકટુકિયા રાખે, બેઠા હોય અને ટુકુક ટુકુક થયા કરે. હું રાખું છું પણ જીમમાં રાખુ છું, કેટલી કસરત થઈ એ યાદ રાખવા માટે. હવે ઈલેકટ્રોનીક આવી ગયા છે. ખબર નહી, મહારાજ ગણિતના માસ્તર હશે એવું માનીએ. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી. નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિક સંતો બેઠા હતા અને મહારાજે પૂછ્યું કે કેટલી માળા ફરે છે ત્યારે સંતો કહે, મહારાજ ! માંડ એક માળા ફરે તો સારું ! સંતોએ સાચી નિષ્કપટ વાત કરી. બાકી ટુકટુકિયુ લઈને ઉંધા વળી જઈએ, બેટરીનો સેલ બદલી નાખે, ટુકટુકિયુ બદલી નાખે તોય કંઈ થતું નથી. હા, થાય છે, હમણા વાત કરી એમ પથ્થરનો ચમત્કાર બાજુમાં મુકીને જેઓ એક ભગવાનનો આશરો લઈને બેઠા છે. બાકી દુનિયામાં બધુ ચાલે છે. જગતમાં શું નથી થતું ? કંઈક નવું થાય એને ચમત્કારમાં ખપાવી દે, શાસ્ત્રો લખાય જાય. મનની સાથે માણસ એટલું બધુ રમે છે, ચાહે છાપું જુઓ, ચાહે મોબાઈલ જુઓ, ચાહે ટીવી જુઓ, આપણી બુદ્ધિથી એને વિચારવાનો સમય જ નથી મળતો. આપણને એકાંત મળતું જ નથી. કોઈને એકાંત

મળ્યું છે તો એકાંત એને ખાવા માટે. આજે પરિસ્થિતિ આ થઈ છે. તમારા વડીલો જુઓ ખેતરમાં હોય તો પણ પાંચ માનસી પૂજા કરી લે, ઘેરથી ટીમણ લઈને કોઈ જાય એટલે રોટલા ખાય. થોડીવાર વાતચીત કરે. આજે થાય છે. પણ મોબાઈલ ઉપર વોટસએપમાં ! બીજું શું થાય કહો. **આજે માણસને બીજા માટે તો સમય નથી પરંતુ પોતાના માટે પણ સમય નથી. ઘડીક એકલા બેઠા હોય તો પોતાની જાત વાગે છે !**

મોખાસણનો દાખલો હું કાયમ આપું છું. ત્યાં રાધાકૃષ્ણદેવના મંદિરમાં સામે અરીસો મુક્યો છે. એ હું ક્યાં ઉભો છું ? એ જોવા માટે મૂક્યો છે. મંદિરમાં ગયા, બહાર આવ્યા તો અંદરથી કંઈ ફેર પડ્યો કે નહિ એ જોવા માટે અરીસો છે. લોકો અરીસા આગળ વાળ આમ તેમ સરખા કરીને ચહેરો જોઈને આવતા રહે છે. સવારની પૂજામાં નાના અરીસામાં તિલક ચાંદલો કદાચ વાંકો સીધો થયો તો કંઈ ફેર પડવાનો નથી. પણ અહીંયા (અંતરાત્મામાં) શું છે એ જોવાની જરૂર છે. પણ આપણે ભાગ્યશાળી છીએ કે આવા મંદિરો મળ્યા, આવા સંતો મળ્યા અને આવા હરિભક્તો મળ્યા. જેને ભગવાન નો ખપ છે. એના માટે આ જ ગતિ છે. ત્રણ દિવસથી વડુ ને ગાંધીનગર ને આજે અહીં એમ આ જ વિસ્તારમાં ફરીએ છીએ. તમે ને અમે આપણે બધા મળીએ છીએ અને મળતા રહેજો એનો જ આનંદ છે. તમને ભગવાન પ્રત્યે મમત્વ હોય, સત્સંગ પ્રત્યે પોતાપણું છે. એટલે સત્સંગના ભીડામાં રહેવાય છે. અને દીકરા-દીકરીઓને પણ એ જ આપવાનું છે. બાકી **આપણે મગજ ચલાવવાની જરૂર જ નથી. કારણ કે મહારાજે ૨૧૨ શ્લોક શિક્ષાપત્રીમાં લખી દીધા છે. આપણી બુદ્ધિનો ઉપયોગ કરવાનો જ નથી. ભગવાનની આજ્ઞામાં રહીએ એટલે પતી ગયું. આજ્ઞામાં રહીને મઝા કરીએ. આખો દિવસ જે વ્યવહાર ધંધો કર્યો હોય એ સાંજના દેવ દર્શને જઈએ એટલે દેવના દર્શનથી બધુ ધોવાઈ જાય, મગજ સાફ થઈ જાય. ડિટોક્સ ભગવાનથી થાય છે. સાબુથી જેમ શરીર સાફ થાય છે એમ મન, બુદ્ધિ અને સ્વભાવ એ મંદિરથી સાફ થાય છે. મંદિરો આપણું પોષણ છે.**

દરેકને ખૂબ અભિનંદન. ખાસ કરીને યજ્ઞપ્રકાશ સ્વામી Highly Active (ખૂબ સક્રિય) છે. અમેરિકામાં ટર્બોમોડ હોય છે. એમ આપણા બધા સંતો ટર્બોમોડમા ચાલે છે. નારાયણપ્રસાદ સ્વામી વડીલ છે. તોય ટર્બોમોડમાં છે. ગામડાઓમાં જઈને હરિભક્તોનું પોષણ કરે છે. હરિભક્તો પણ ડબલ ટર્બોમોડમાં છે. કારણ કે, રોજ ઉત્સવ સમૈયા કરવા એ નાની વાત નથી. અઘરુ છે. સંતો અહીંયા ખાસ કરીને ઉત્તમ સ્વામી કથા વાર્તાથી સત્સંગ સાચવી ને તમને બધાને સાચવે છે. બધા સંતો ગામડે ફરે છે. ગામડા મને બહુ ગમે છે. પણ ગામડા ખાલી થઈ ગયા. એમાં કંટાળો આવે છે. પણ સારુ છે કે ઉત્સવ સમૈયા અને કથાવાર્તા થાય છે.

**આપણી ભૂમિ, જન્મસ્થળ, આપણા વડવાઓનું સ્થાન જળવાઈ રહે, સત્સંગના મૂળિયા જળવાઈ રહે અને ખાસ તો આ મંદિરો જળવાઈ રહે એની તકેદારી રાખજો. એ જરૂરી છે.** કંઈ લઈ લેવાનું નથી. અમારા આ કપડા દેવ ના છે, ગાડી નરનારાયણદેવની છે, ગાડી અમારી નથી, નંબર લઈને ચેક કરજો, હવે તો On line નીકળે છે. Open Offer (ખુલ્લી દરખાસ્ત) છે. કપડાનું બિલીંગ મંદિરમાં આવે છે. લોહીનું બિલીંગ અને શ્વાસનું બિલીંગ પણ મંદિરમાં જાય છે. આપણું શું છે ? અને **હકીકતમાં જોવા જાવ તો બધું જ આચાર્યનું છે. દેશ વિભાગનો લેખ વાંચો. દ્રવ્ય, વસ્ત્ર, પશુ, વાહન, માણેક મોતી ઝવેર તથા કંકર પથ્થર આદિક બધું જ આચાર્યની વ્યક્તિગત મિલ્કત છે. તેમાં સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિભક્તો કોઈએ કોઈ કાળે દર દાવો કરવો નહી. તોય અમે શું રાખ્યું ? આ બધા લબાચા લઈને ક્યા ફરવાનું ? અમારું વ્યક્તિગત હતું તો પણ મુકી દીધું. એક ભગવાનને રાખ્યા ને એટલે બધુ આવી ગયું. ભગવાનને ન રાખ્યા હોત તો ઠેકાણા ન હોત. ભગવાનનું ભગવાનને અર્પણ કરીએ એમાં જ સુખ છે. આજે હું સુખી છું, હસીએ છીએ, બોલીએ છીએ, એનું કારણ ભગવાન બેઠા છે. એટલે આપણે ચિંતા જ નથી. આપણામાં અહંકાર આવે કે આ હું કરું ને તે હું કરું એવું થાય તો પછી એ ખાડે પડી જાય. આ તો જે છે તે બધું દેવનું છે.** હા, આપણે ઉદ્યમ મહેનત કરવી. તમારી દુકાન-મકાન લખી દેવાનું નથી કહેતો. એ તમારી જરૂરિયાત છે. અને એ ન હોય તો ધર્માદો ક્યાંથી આવે ? તમે ધર્માદો આપો છો. દરેક પ્રકારનું યોગદાન આપો છો ત્યારે દેશ દુનિયામાં મંદિરો થાય છે અને ઉત્સવો થાય છે.

આવી રીતે ભેગા થઈને વાતો કરીએ અને ભગવાન રાજી થાય એવા કાર્યો કરીએ એજ નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી, મોયદ ધામ, શ્રીમદ્ ભાગવત પંચાન્હ કથા પ્રસંગે તા. ૨૦-૧૨-૨૦૨૪ :** સ્વામિનારાયણ ભગવાને આપણા બધા ઉપર ખૂબ કૃપા કરીને આવો સત્સંગ જ્યારે આપ્યો છે ત્યારે આપણા બધાની એક જ માત્ર ફરજ બને છે કે સત્સંગમાં જોડાઈ ને રહીએ અને ભગવાનની આજ્ઞામાં રહીએ.

માણસની સ્વભાવ પ્રકૃતિ એવી હોય છે કે કંઈક સહેલાઈથી મળી જાય તો જલ્દી પચતું નથી. **ભગવાને આપણને શું કરવું શું ના કરવું ? કઈ રીતે જીવન જીવવું, કઈ રીતે ના જીવવું ? ક્યાંથી પ્રસાદ લેવો, ક્યાંથી ના લેવો ? કેવી મૂર્તિ પૂજવી, કેવી ન પૂજવી ? કેવા લોકોનો સંગ કરવો, કેવાનો સંગ ના કરવો ? આ બધું જ આપણને Clear (ચોખ્ખું, પારદર્શક) કરીને આપી દીધું છે.** આટલી સહેલાઈથી મળી જાય ત્યારે આપણું કામ તો થઈ ગયું છે પણ આજ કાલ લોકો આને Complicate (ગૂંચવવું) કરવામાં વધારે માને છે.

મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય જેટલો સરળ છે એટલો સરળ સંપ્રદાય બીજો કોઈ નથી. **મૂળ સંપ્રદાય ખૂબ પારદર્શક છે.** કોઈ ખોટો એજન્ડા કે હેડન તેમાં નથી. **ભગવાનની ભજન ભક્તિ થાય અને ભગવાનની કથા વાર્તા થાય એ બધા જે સાધનો ભગવાને આપ્યા છે. એના થકી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જીવનું કલ્યાણ મુખ્ય અને એક જ માત્ર ધ્યેય છે. કઈ રીતે લોકો આલોક અને પરલોકમાં સુખી થાય એની એક સુવિધા મહારાજે કરી આપી છે. આટલું સહેલાઈથી મળી ગયું છે. ત્યારે આપણે બધા ભગવાનના થઈને રહીએ અને ભગવાનની આજ્ઞામાં રહીએ. શિક્ષાપત્રી મહારાજે આપી છે. વચનામૃત મહારાજની પરાવાણી છે. મહારાજે કહ્યું છે કે અમારી વાણી એ અમારું સ્વરૂપ છે. તો આવા શાસ્ત્રો આપણે સાંભળીએ, એને સમજીએ, એનું વાંચન કરીએ અને આ દ્વારા મૂળ સંપ્રદાયના આપણા સિદ્ધાંતોથી જોડાઈને રહીએ.** કારણ કે આજ કાલનો સમય લોકોને સત્સંગથી દૂર લઈ જવાનો સમય છે. જેમ જેમ સમય આગળ વધતો જાય છે એમ એમ અત્યારે સોશિયલ મિડીયાને લીધે, સોશિયલ મિડીયા એ ખરાબ વસ્તુ નથી, પરંતુ એના લીધે Information over load (ખબર માહિતીનો વધારે પડતો બોજો) થઈ જાય છે. ત્યારે કઈ વાત માનવી, કઈ ન માનવી ? એ પ્રશ્ન ખાસ કરીને યુવાનોમાં ઉભો થાય છે. લોકોના મનમાં, વિચારોમાં એક પ્રકારનું Confusion (દ્વિધાથી ગૂંચવાડારૂપી ગભરાટ - અનિર્ણાયકતા) ઉભું થાય છે કે સાચું શું માનવુ અને શું ન માનવું ? જોવામાં તો બધુ સારુ લાગે છે. પેઢીઓથી જેને મૂળ સંપ્રદાયનો સત્સંગ હોય એના માટે કદાચ તકલીફ ન હોય પરંતુ સત્સંગમાં જે નવા છે, આપણે ભગવાનને ઓળખ્યા હોય એટલા તેઓએ ઓળખ્યા ન હોય. એમના માટે એ ખાસ જરૂરી છે કે **જે શાસ્ત્રો ભગવાને આપ્યા છે અને એ શાસ્ત્રો ક્યાંથી મળે છે તેનું ધ્યાન રાખી એવા શાસ્ત્રોનું વાંચન-મનન કરે, જે આચાર્ય થકી દીક્ષીત સંતો છે એમના મુખેથી કથા સાંભળે.**

આજથી ૨૦૦ વર્ષ પહેલા મહારાજે સંપ્રદાયની સ્થાપના કરી ત્યારે મહારાજને ખબર હતી અને આજે પણ છે કે આવો સમય આવવાનો છે. **તમે વિચાર કરો, આજે આપણે એવો શબ્દ જ કેમ વાપરવો પડે છે કે 'મૂળ સ્વામિનારાયણ સંપ્રદાય'** ! મહારાજ ને ખ્યાલ હતો કે કળિયુગના આવનારા સમયમાં લોકોને સાચી સમજણથી કેવી રીતે દૂર લઈ જવામાં આવશે. મૂળ સંપ્રદાયના સિદ્ધાંતોમાં આપણે જોડાઈને રહીએ એવી બધી જ વ્યવસ્થા મહારાજે આપણને કરી આપી છે. જે શાસ્ત્રો ભગવાને આપણને આપ્યા છે એમાં કોઈપણ પ્રકારનું આગળ કંઈ બીજું રહેતું નથી. **બધી જ આજ્ઞાઓ સ્પષ્ટ કરી આપી છે, એમાં કંઈ ઉમેરવાનું નથી રહેતું કે કંઈ કાઢવાનું નથી રહેતું. આપણે માત્ર આજ્ઞામાં રહેવાનું છે.**

આપણને સરળતાથી જે મળ્યું છે તેના માટે મહારાજને દરરોજ ધન્યવાદ કરીએ. સંપ્રદાયમાં ગુણ ભાવથી, ગુણ બુદ્ધિથી અને અરસ-પરસ, પ્રેમભાવ રાખીને રહીએ. અહીં આવીને આજે આનંદ થયો કે આપણા આ ગામના હરિભક્તો, ગામ નાનું છે પણ ખૂબ ભાવવાળા હરિભક્તો ગામમાં અને વિદેશમાં ભાવ, પ્રેમથી સત્સંગ કરે છે.

એટલું કહી અંતમાં સૌને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

# આપણા હરિમંદિરો તથા પ્રસાદીના સ્થાનો (સાદરા-વાસણા દેશ)

- બિપીન પટેલ, ગાંધીનગર

શ્રી હરિ એ ગુજરાતની ધરાને પોતાના ચરણોથી અંકિત કરીને પાવન કરી દીધી છે. આપણા ગુજરાતના ઉત્તર દેશમાં આવેલા ગાંધીનગર પાસેના ''સાદરા-વાસણા દેશ'' ની પાવન ધરાના દર્શન કરતા કરતા અગાઉના લેખાંક – ૪ માં દહેગામ અને વાસણા રાઠોડના પ્રસાદીભુત ગામોના મહાત્મ્યનો આસ્વાદ માણ્યો.

આવો હવે શાસ્ત્રોના આધારે તથા સ્વયં દર્શનનો લાભ લીધા પછી હૃદયમાં ઉઠેલા ભાવ તરંગોને દિવ્ય અનૂભુતિનો આસ્વાદ માણવા પરઢોલ, સોનારડાના પવિત્ર દર્શન, મહાત્મ્યનો આસ્વાદ માણીએ

હવે આપણે પરઢોલ ગામના દર્શને જઈએ અને નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર પરઢોલનો મહિમા જાણીએ.

**(૩) પરઢોલ** : વાસણા-રાઠોડ ગામના દર્શન કરીને આગળ વધતા લગભગ ૬ કિ.મી.ના અંતરે નરોડા-દહેગામ રોડ પર પરઢોલ ગામ આવેલું છે.

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તેમની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ, શ્રી સ્વામિનારાયણ મંદિર પરઢોલનું નિર્માણ કરવામાં આવેલ છે. ખૂબ જ સુંદર અને નયનરમ્ય શિખરબદ્ધ મંદિર જેવું હરિમંદિર બનાવવામાં આવેલ છે. પરઢોલ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા તા. ૦૫-૧૨-૨૦૨૩ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કરકમળો દ્વારા કરવામાં આવેલી છે. મંદિરના સિંહાસનમાં મધ્યસ્થાને ઘનશ્યામ મહારાજ તથા જેમણે પડખે શ્રી નરનારાયણ દેવ અને ડાબે પડખે શ્રી રાધાકૃષ્ણ દેવ સુંદર આરસની મૂર્તિઓ રૂપે દર્શન આપી રહ્યા છે.

પરઢોલની નજીકમાં જ મહાપ્રસાદીભુત વહેલાલ ગામ આવે છે. જેનો સમાવેસ કણભા દેશમાં કરવામાં આવેલો છે. તેનો મહિમા પણ અપરંપાર છે.

આવો આપણે આગળ વધતા સોનારડા ગામમાં આવેલ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના દર્શન માટે પ્રસ્થાન કરીએ.

**(૭) સોનારડા** : પરઢોલથી નરોડા-દહેગામ રોડ પર આવીએ ત્યાંથી ૪ કિ.મી.ના અંતરે દહેગામ તરફ જતા સોનારડા ગામ આવે છે.

સોનારડા ગામનો ઈતિહાસ પણ સોના જેવો સુવર્ણમય છે. મુક્તાનંદ સ્વામી જ્યારે વડોદરાની ધર્મસભામાં જીતનો વિજય ધ્વજ ફરકાવીને આવ્યા ત્યારે વડોદરાના મહારાજા સયાજીરાવે વડોદરા આમંત્રણ આપીને ખાસ તેડાવ્યા હતા. શ્રીજી મહારાજે જોબન પગી જેવા ડાકુને જ્યારે ડાકુમાંથી સાધુ જેવો પાકો સત્સંગી કર્યો ત્યારે આ વાત જાણી મહારાજા પોતે ખૂબ જ પ્રભાવિત થયા હતા. શ્રીજી મહારાજના દર્શન કરી ધન્ય થયેલ મહારાજાએ શ્રીજી મહારાજને બે હાથી ભેટમાં આપ્યા હતા. ત્યારે મહારાજે કહ્યું કે અમે તો બ્રાહ્મણ છીએ આ હાથીઓનું પોષણ અમે કેમ કરીને કરીએ. ત્યારે સયાજીરાવે મહારાજને બે ગામ ભેટમાં આપ્યા હતા. તે બે ગામ એટલે આપણું સોનારડા અને બીજું કલોલ પાસે આવેલ ઈસંડ ગામ છે. સયાજીરાવે કહેલું કે, આ બે ગામની ઉપજમાંથી તમે આ હાથીઓનું પોષણ કરી શકશો. આમ, શ્રીજી મહારાજને ભેટમાં મળેલ આ ગામનો મહિમા અપરંપાર છે. ગામમાં પ્રવેશતા જ સુંદર પ્રવેશદ્વાર મંદિર દ્વારા બનાવવામાં આવેલ છે.

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર, સોનારડાનું નિર્માણ થયેલ છે. નિજ મંદિરમાં દેવોની પ્રતિષ્ઠા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના સ્વહસ્તે તા.૧૭-૦૧-૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ છે. સુંદર કારવિંગવાળા સિંહાસન મધ્યે શ્રી ઘનશ્યામ મહારાજ તથા તેમની જમણી પડખે શ્રીનરનારાયણ દેવ અને ડાબે પડખે શ્રી રાધાકૃષ્ણ દેવ દર્શન આપી રહ્યા છે. આ મંદિરમાં સુંદર મજાનો કોમ્યુનિટી હોલ પણ બનાવવામાં આવેલો છે. જે આજે સૌ ગ્રામજનોને કથા-સત્સંગ, સામાજિક પ્રસંગોમાં ખૂબ જ ઉપયોગી નીવડે છે. આવા સુંદર ગામમાં નવ્ય ભવ્ય મંદિરના દર્શનનો લાભ અવશ્ય લેવા જેવો છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળનાં સંકલ્પથી**
**આ વર્ષથી**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી-જાન્યુઆરી-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૨૫ | પ.ભ. કાંતિભાઈ ગોકળદાસ પટેલ - વડુવાળા - પ્રે. સ્વામી યજ્ઞપ્રકાશદાસજી મહંતશ્રી કલોલ પંચવટી. |
| તા. ૦૩-૦૧-૨૦૨૫ | પ.ભ. કેતનભાઈ કેશવલાલ ફીચડીયા - મણીનગર. |
| તા. ૦૫-૦૧-૨૦૨૫ | પ.ભ. વિષ્ણુભાઈ હરગોવિંદદાસ પટેલ - દેઉસણાવાળા - ભાણેજ દેવના જન્મ નિમિત્તે - રાણીપ. |
| તા. ૦૬-૦૧-૨૦૨૫ | પ.ભ. પ્રાપ્તિબેન જીગરભાઈ ઝાલા - જીવરાજપાર્ક. |
| તા. ૧૯-૦૧-૨૦૨૫ | પ.ભ. ડૉ. સિમોન્સ જસુભાઈ ચૌધરી - સોલૈયા (માણસા) - હ. પોપટભાઈ વિરજીભાઈ ચૌધરી કોઠારી. |
| તા. ૨૬-૦૧-૨૦૨૫ | પ.ભ. જાગૃતિબેન રાજેન્દ્રભાઈ પટેલ - મણીનગર. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ દાનભેટની યાદી-જાન્યુઆરી-૨૦૨૫

| | |
|---|---|
| રૂા. ૧૧,૦૦,૦૦૦/- | પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી અને સમગ્ર ધર્મકુળના રાજીપાર્થે આદર્શ ભાવિક સંજયભાઈ પટેલ રામદાસ બાપા પરિવાર - ઉનાવા |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ.શ્રી જયેન્દ્રભાઈ સી. સોની - પલીયડવાળા - જે.સી. જ્વેલર્સ. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "કૃપાપાત્ર બનવા સતત પ્રયત્ન કરવાનો"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

હમણાં જ કથામાં સાંભળ્યું ને કે ભગવાનના એક એક રોમમાં કેટલું બધું સુખ છે. તમે વિચારો છપૈયા ભગવાનની "જન્મભૂમિ" છે. તો ત્યાં જઈએ તો ત્યાંની ધરતી ઉપર પગ મૂકીને એક બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ જોઈને બધા 'સંકલ્પ-વિકલ્પ' બંધ થઈ જાય છે. અંતરમાં એકદમ શાંતિની 'અનુભૂતિ' થાય છે. **તો જ્યારે આપણે પ્રત્યક્ષ મહારાજને મળીશું ત્યારે ત્યાં હકીકતમાં કેવી અનુભૂતિ થશે !** પ્રત્યક્ષ મહારાજ મેળવવા હોય ધામમાં જવું હોય તો એવા શુધ્ધ બનવું પડે આપણા મનની વિશેષતા એવી છે કે જેવા વાતાવરણમાં આપણે રહીએ છીએ, તેની પ્રધાનતા આપણા મનમાં આવી જાય છે. જીવ જ્યારે આ જગતમાં આવે છે તો ૬૦% સત્વગુણી હોય છે. રજોગુણી, તમોગુણી પ્રકૃતિ પ્રમાણમાં ઓછી હોય છે. **પરંતુ** જે પ્રકારની પરિસ્થિતિની પ્રધાનતા જીવનમાં આવે છે એવી પ્રકૃતિ થાય છે. કેમ કે **પ્રકૃતિના દોરડારૂપી બંધનથી જીવ આ જગતમાં બંધાયેલો છે.** એમાં મુખ્યત્વે ચાર પ્રકારની અવસ્થાયુક્ત માણસો જોવા મળે છે.

**(૧) મુઢ અવસ્થા :** મૂઢ અવસ્થાવાળા લોકોને માત્ર તમોગુણની પ્રધાનતા જીવનમાં હોય છે. તમોગુણની પ્રધાનતાને લીધે આળસ વધારે હોય છે. તમોગુણી ભોજન લેવાનું ગમે છે. અતિ નિંદ્રા આવે છે. કોઈ કાર્ય કરવાનું મન થતું નથી.

**(૨) ક્ષિપ્ત અવસ્થા :** ક્ષિપ્ત અવસ્થાવાળા લોકો હોય છે, તેમને રજોગુણની પ્રધાનતા જીવનમાં હોય છે. એવા લોકોને પોતાનું ઐશ્વર્ય વધારવાની ઈચ્છા થાય છે. ધન-દોલત, માલ-મિલકત, વિષય ભોગ એ બધામાં વધારે પ્રમાણમાં ઓતપ્રોત રહેવું ગમે છે. આવા રજોગુણીનું મન સ્થિર રહેતું નથી. વધારે પ્રમાણમાં મનની ચંચળતા આવા લોકોમાં જોવા મળે છે.

**(૩) વિક્ષિપ્ત અવસ્થા :** વિક્ષિપ્ત અવસ્થાવાળા લોકોમાં સત્વગુણની પ્રધાનતા હોય છે. સત્વગુણી વ્યક્તિમાં પણ જોઈએ એવી મનની સ્થિરતા રહેતી નથી. ધ્યાન કરવા બેસે તો જુના સંસ્મરણો યાદ આવે છે. પરિણામે મન અશાંત થઈ જાય છે. તેમ છતાં આવા લોકોનું ચિત્ત ભગવાનમાં એકાગ્ર થાય છે. ભગવાનમાં ચિત્ત ચોટેલુ રહે છે. પરિણામે કર્મના બંધનો ઢીલા પડી જાય છે. અને કલ્યાણ સહેલું થઈ જાય છે.

**(૪) નિરોધ અવસ્થા :** જે લોકો આ ત્રણેય અવસ્થાથી પર થઈ જાય છે. તેને સમાધિની **'સર્વાતીત ઉન્મત અવસ્થા'** કહેવાય છે. પરંતુ કળિયુગમાં નિરોધ અવસ્થામાં પહોંચવું અઘરું છે. **નરનારાયણદેવની અતિ 'કૃપા' થાય તો નિરોધ અવસ્થામાં પહોંચી શકાય છે.**

તમે બધા સત્વગુણી છો એટલે અહિંયા બેઠા છો. અને તમે બધા દર્શન પૂજા બધુ કરો છો તેમ છતાં અમુક પરિસ્થિતિમાં સ્થિરતા ડગી જાય છે. કેમ કે આપણે માયાના જગતમાં રહીએ છીએ તો માયા નડવાની જ છે. માયામાં આવી જ જવાય છે. પણ **આપણને 'નરનારાયણદેવ' મળ્યા છે તે 'કલ્પવૃક્ષ' સમાન છે. જે માગો તે બધુ મળી જય છે. 'નરનારાયણદેવ' આખા ભરતખંડના રાજા છે.** તેમને છોડીને જે લોકો બીજે ભટકે છે, તે મૂર્ખ જેવા છે. તો આપણી 'ઉપાસના' શુધ્ધ હોવી જોઈએ. આપણું અંતઃકરણ શુધ્ધ રાખવું પડે, કેમ કે **બ્રહ્માદિક દેવો પણ જે સત્સંગ માટે તરસે છે તે સત્સંગ આપણને મળ્યો છે. નરનારાયણદેવના કૃપાપાત્ર બનવા માટે સતત પ્રયત્ન કરવો પડે.** લૌકિક જગતમાં પણ આપણે કોઈનું કાંઈ ખોટું કર્યું હોય તો તેની સામે આંખ મિલાવી શકતા નથી. **આપણે તો નરનારાયણદેવના સામે દર્શન કરવા ઉભા રહીએ ત્યારે નેત્રમાં જોઈને દર્શન કરી શકીએ એવા બનવાનું છે.** નરનારાયણદેવ સામે ઉભા રહીએ ત્યારે આપણું અંતરમન ઝાંખુ કેમ પડી જાય છે ? તો તમે જ્યારે દર્શન કરો ત્યારે તમારામાં સત્વગુણની પ્રધાનતા હશે તો તમારામાં રહેલા દોષો તમને યાદ આવશે એ સારુ કહેવાય. ભગવાન તમને સંકેત આપે છે. તમારામાં જે અવગુણ છે. તેની યાદ અપાવે છે. ભગવાન તમને કહે છે કે તમારામાં આ 'દોષ' છે. એમાંથી તમે નીકળી જાઓ. ભગવાન તમને સમજાવે છે કે તમે આટલા આગળ છો આટલા ઉંચે સુધી પહોંચ્યા છો તો તમારામાં આ દોષ છે. તેને તમે સુધારો એમ પ્રેરણા કરે છે. તમે આટલુ બધું છોડ્યું છે તો આટલું છોડી દો એમ બતાવે છે. એ સારી નિશાની છે. ત્યારે આપણે 'વ્યાકુળ' નહિ થઈ જવાનું કે મારામાં આટલું બધું 'પાપ' છે. અને હું બહુ ખરાબ છું. એવી ખરાબ લાગણી નહિ અનુભવવાની. કેમ કે ભગવાને તમારા ઉપર દયા કરી છે. કૃપા કરી છે. તમને

સુધારવા માગે છે. માટે પ્રેરણા કરે છે. **આપણી ભૂલોને ભગવાન સુધારવાની તક આપે છે. તો સુધારી લેવાની અને લક્ષ્ય તરફ આગળ વધવાનું** લક્ષ્ય એક જ રાખવાનું. જેમ તમે બધા મંદિરે આવો છો તો જુદા જુદા રસ્તેથી આવો છો પણ મંદિરે આવ્યા પછી તમારા બધાનો રસ્તો એક થઈ જાય છે. કેવી રીતે ? તો બધા મોક્ષ તરફ પ્રયાણ કરવા માટે જ અહિંયા ભેગા થાય છે. **આ 'સત્સંગ' એ એવો રસ્તો છે કે જ્યાં બધા રસ્તા ભેગા થઈ જાય છે.** જેમ બહારગામ જવાનું હોય તો બધા નક્કી કરતા હોય છે કે બધાએ હાઈવે ભેગા થઈ જવાનું ત્યાંથી બધાનો રસ્તો એક થઈ જાય છે. બધા સાધનો ત્યાંથી મળી જાય છે. એવી રીતે તમે સત્સંગમાં આવો તો પણ તમને બધા સાધનો મળી જાય છે. અર્થાત્ કોઈને શ્રવણ ભક્તિ ગમે, કોઈને કીર્તન-ભક્તિ ગમે. કોઈને દાસ-ભક્તિ ગમે. કોઈને કથા-વાર્તા કરવાનું ગમે, કોઈને પ્રદક્ષિણા કરવી ગમે એમ સત્સંગમાં નવધા ભક્તિમાંથી દરેકને ગમતી ભક્તિ મળી જાય છે. આ બધા ભગવાન સુધી પહોંચવાના સાધનો છે. આટલું બધુ આ સત્સંગમાં મળતું હોય તો મનને નિયંત્રણમાં રાખીને મન પ્રત્યે થોડુ કઠોર બનીને ભક્તિ કરવી. બધા એવું કહેતા હોય છે કે કળિયુગમાં ખોટું કરવાવાળા લોકો વધારે સુખી હોય છે. તો અત્યારે કળિયુગનું શાસન ચાલે છે. માટે એવુ થાય છે. કેમ કે જેવા લક્ષણો રાજામાં હોય, તેના જેવા લક્ષણોવાળી વ્યક્તિ જ રાજાને વધારે ગમે ને ? રાજા તેને જ વધારે રાજી રાખે માટે એવું થાય છે. પણ આપણને બહારથી એવુ લાગે છે. હકીકતમાં એવા લોકો ખરેખર સુખી હોતા નથી એવા લોકોને અંદરથી બહુ ઉદ્વેગ હોય છે. મહાભારતના યુદ્ધ પછી ભીષ્મપિતા જ્યારે મૃત્યુની બાણશૈયા ઉપર સૂતા હતા અને સૂર્યનારાયણ ઉત્તરાયણમાં પ્રવેશે તેની રાહ જોતા હતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ તેમને દર્શન આપવા પધાર્યા. તો ભીષ્મપિતાએ ભગવાન શ્રીકૃષ્ણને મહાભારતના યુદ્ધનું વર્ણન કરીને પૂછ્યું કે : ''યુદ્ધમાં 'છળ', 'કપટ', અનીતિ આ બધુ થયું તે આપને શોભે ? 'આપ' ત્રેતાયુગમાં ભગવાન 'રામ' મર્યાદાપુરુષોતમ હતા એ જ છો.'' તો શ્રીકૃષ્ણ ભગવાને જવાબ આપતા કહ્યું કે : ''રામાવતારમાં મારી સામે મારા 'ખલનાયક' તરીકે જે હતા તે રાવણ હતા એ કેવા હતા. મહાન પંડિત જ્ઞાની શિવભક્ત હતા. અને વિભીષણ જેવા 'ભક્ત' તેમના ભાઈ હતા અને આ કૃષ્ણાવતારમાં જરાસંધ, શિશુપાલ, જેવા મળ્યા છે.'' તો **શ્રીકૃષ્ણ ભગવાનનો કહેવાનો મુખ્ય આશય એ હતો કે યુદ્ધમાં મહત્વની બાબત એ હતી કે પાપને 'ખત્મ' કરવાનું હતું. માટે યુગ, સમય અને શત્રુના સ્વભાવ પ્રમાણે કદમ ઉઠાવવા પડે એ રીતે કાર્ય કરવુ પડે.** તો ભીષ્મપિતાએ કીધું કે ''આ બધુ જોઈને ભવિષ્યમાં લોકો શું વિચારશે ? મહાન વ્યક્તિઓનું આચરણ લોકો કરે છે.'' તો ભગવાન શ્રીકૃષ્ણે કીધુ કે : ''આગળ કળિયુગ આવે છે. સમય ખૂબ ખરાબ આવશે. સમય પ્રમાણે અધર્મનો નાશ કરી ધર્મનું રક્ષણ કરવા પ્રયત્નો કરવા પડે. ઈતિહાસમાંથી તેની 'શીખ' લેવાની હોય છે. કેવી રીતે વર્તન કરવાનું તો નિર્ણય વર્તમાન પરિસ્થિતિ જોઈ કરવો પડે.'' **તો 'કાળ' (સમય) પ્રમાણે કર્મો થતા રહે છે. કર્મો પ્રમાણે 'પ્રારબ્ધ' બને છે. અને પ્રારબ્ધ પ્રમાણે ફળ મળે છે.** પુરુષાર્થથી પ્રારબ્ધને ટાળી શકાય છે. પણ અમુક કર્મો તીવ્રતમ પ્રારબ્ધ બની જાય છે. તે ભોગવવા જ પડે છે. તેને ટાળી શકાતા નથી. **એવા પ્રારબ્ધ ફળ ભગવાનની કૃપા ભળે તો માફ થઈ જાય છે.** જેવી રીતે કોઈ અપરાધીને ફાંસીની સજા થઈ હોય તો તેની સજા કોઈ માફ કરી શકે નહી. પણ જો અપરાધી રાષ્ટ્રપતિને પત્ર લખે અને જો રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો ગમે તેટલા મોટા અપરાધી હોય તો પણ રાષ્ટ્રપતિ તેને માફ કરી શકે છે. **એવી રીતે આપણા અમુક પ્રારબ્ધ એવા હોય છે કે જેને કોઈ ટાળી શકે નહી. પણ જો નરનારાયણદેવની 'કૃપા' થાય તો ગુનો માફ થઈ જાય છે.** માટે કાયમ ભજન કરતા રહેવાનું અને ધ્યાન રાખવાનું કે ખોટા કર્મો ન થાય. જાણીને કોઈને પણ મન, વાણી અને કર્મથી દુઃખી નહિ કરવાનું, સત્વગુણોની પ્રધાનતા વધે એવા કાર્યો કરીને ભગવાનના કૃપાપાત્ર બનવાનો પ્રયત્ન સતત ચાલું રાખવાનો.

●

### શ્રી હરિ વનવિચરણ ક્રમશઃ અયોધ્યાપુરી

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

અયોધ્યાનું ઘર નાજુક, નમણું અને સ્વચ્છ છે. આંગણામાં હિન્દુ ધર્મ પ્રમાણે પાણિયારું એના ઉપર પાણીનું બેડું અને સામે વિઘ્નવિનાયક દેવ ગણપતિ મહારાજનું સ્થાન છે. શ્રીહરિએ અયોધ્યામાં છપૈયાની જેમ અનેક લીલાઓ કરી છે. જેમાં સુવાસિનીબાઈની અંગૂઠીના બદલામાં સુખડિયાની દુકાને જઈ મીઠાઈ જમી તમામ મીઠાઈ ખલાસ કરી. આ જોઈ કંદોઈ ભાઈઓ આશ્ચર્યચકિત થઈ ગયા. હવે ઘનશ્યામ ને ગૃહત્યાગ કરવો છે. એટલા માટે તેઓ એ શુભ દિવસની રાહ જોઈ રહ્યા છે. ગૃહત્યાગ કરતા પહેલા માતા-પિતાને દિવ્યગતિ આપી છે અને આજે સત્સંગિજીવનના સારભૂત બે શ્લોકો ઘનશ્યામે અર્થ સહિત સમજાવ્યા છે. ત્યારબાદ પોતાના ગૃહત્યાગ પછીના વનવિચરણમાં કોઈ મુશ્કેલી ન પડે એટલા માટે ગણપતિ મહારાજની નમ્ર ભાવે પ્રાર્થના કરે છે. દરેક માણસે પોતાના જીવનમાં આવતાં દુઃખોને દૂર કરવા માટે

ગણપતિ મહારાજની સ્તુતિ કરવી જોઈએ. ગણપતિની સ્તુતિ વખતે શ્રી ઘનશ્યામ મહારાજે ''વિઘ્નેશ્વરાય વરદાય સૂર પ્રિયાય....'' એ શ્લોક બોલી એકાગ્ર ભાવે પ્રાર્થના કરી છે. વનવિચરણ કરી લાખો નહિ બલ્કે કરોડો જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાનું છે. એટલે સંવત ૧૮૪૯ ની અષાઢ સુદ દશમને શુક્રવારે વહેલા પરોઢીયે પવિત્ર દિવસે અનિર્દેશથી આ લોકમાં પધાર્યા ત્યારથી જ પોતાના છ હેતુની વાત જેને સિદ્ધ કરવી છે એ સંકલ્પ સાકાર કરવા ઘરેથી છાનામાના અંગ ઉપરનાં ઘરેણાં ધારણ કરેલાં એને ઉતારી અને વલ્કલપહેરી સાથે શાલિગ્રામનો બટવો, ગુટકો, તૂંબડી, દોરી, જળગરણું, પલાસનો દંડ, મુંઝની મેખલા, માળા, જનોઈ, કોપીન, મૃગચર્મ આટલી વસ્તુ સાથે લઈ વનવિચરણ માટે નીકળ્યા છે. ધન્ય છે આવા તીવ્ર વૈરાગ્યને, નાની ઉંમરે.

(૧) ''ક્યાં બાળપણાની રમત, ક્યાં પામવો સિધુનોમત.''

(૨) ''ઘોર અંધારી રે રાતલડી, પરોઢિયાની કોર, નીકળ્યા રે,

નીકળ્યા રે વનવિચરણને કાજે ધર્મકિશોર.''

ભાંગવા ભાંગવા રે, પર દુઃખ ભાંગવા, ભાંગવા ભવનો રોગ.

અનંત જીવોના ખોટના ખાતાં વળાવવા અને માંડવાળ ખાતામાં નામ દાખલ કરી જીવાત્માને પરમધામ આપવાં ગૃહનો ત્યાગ કરી વનમાં પધાર્યા છે.

●

## જીવુબાનું જીવન ચરિત્ર

- વીણાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (બોપલ)

ભાવનગર જીલ્લાના ગઢડા ગામના એભલ ખાચરને બે પત્નીઓ હતી (૧) કારિયાણીના રાજા નાગરના દીકરી સુરપ્રભા જેમના થકી જીવુબા-લાડુબા પાંચુબા-નાનુબા જન્મયા હતા (૨) પત્ની બોટાદના રાજા રણગામીના દીકરી સોમાદેવી હતા તેમના થકી દાદા ખાચર જન્મયા હતા.

એભલ ખાચરને બે-ત્રણ બાળકો સુરપ્રભા થકી જન્મીને મૃત્યુ પામ્યા પરંતુ જીવુબા જીવી ગયા તેથી તેમનું નામ 'જીવુબા' પાડ્યું. પૂનમના દિને જન્મયા હોવાથી બીજું નામ પુનમતી બા પાડ્યું. તેઓ બધા બાળકોમાં સૌથી મોટા હતા. ત્રીજું નામ મોટીબા અને ચોથું નામ જયા હતું.

જીવુબા બાળપણથી જ ભજન-ભક્તિમાં લીન તેથી શ્રીજી મહારાજે તેમને બાલમુકુંદનું નાનકડું સ્વરૂપ આપ્યું હતું. જીવુબા આ બાલમુકુંદ સ્વરૂપની ભાવથી સેવા કરે. આ બધુ જોઈ એભલ ખાચરે કહ્યું : દીકરી ! નાની ઉંમરમાં આ શું ? આ બધુ તો વૃદ્ધાવસ્થામાં શોભે, અત્યારે તો તમારી ઉંમર ખાવો, પીવો, પહેરો, ઓઢો મોજ કરવાની છે. પિતાજીના વચન સાંભળી જીવુબા કહે પિતાજી ! તમે જ્ઞાની છો. વૃધ્ધપણાને વાયદે ન રહેવાય ! આ તન ક્યારે નાશ પામે તેની કોને ખબર છે ? આ લાલજી તો પ્રત્યક્ષ પરમાત્મા છે. જુઓ મારા લાલજીને હું દૂધ ધરૂં છું પછી લાલજીએ દૂધ પીને કટોરો એભલ ખાચર પર ફેંક્યો આ ચમત્કાર જોઈ એભલ ખાચર વારંવાર નમન કરવા લાગ્યા. આ પરચો ભક્તચિંતામણી પ્રકરણ-૧૩૨ માં નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે

**તાતને ન ગમતુ લગાર, તે પણ નમ્યા વારમવાર ॥**
**ધન્ય બાઈ તમારી ભગતિ, ઘેલાઈમાં મેં ન જાણી ગતિ ॥૧૪॥**

પછી જીવુબા ઉંમર લાયક થતા ગામ કુંડળના ગામધણી, અમરાપટગરના દીકરા હાથિયા પટગર સાથે લગ્ન થયાં. પરંતુ જીવુબા મહારાજને પ્રાર્થના કરે છે કે ત્રેતાયુગમાં જનકરાજાને ઘેર 'સીતા' તરીકે જન્મીને રામચંદ્ર ને વરી છું. દ્વાપર યુગમાં ભિષ્મક રાજાને ઘેર 'રૂકમણી' તરીકે જન્મીને શ્રીકૃષ્ણને વરી છું. કળિયુગમાં એભલ ખાચરને ઘેર 'જીવુબા' તરીકે જન્મીને હું શ્રી સ્વામિનારાયણ ભગવાનને વરી ચૂકી છું. આજે જે પર પુરુષને વરી છું તે માત્રને માત્ર લૌકિક દષ્ટિએ કરીને જ છે. મારા નિયમનો ભંગ ન થાય તે જોજો. પૂર્વના મુક્ત એવા જીવુબાના પતિ જ્યારે ઓરડામાં પ્રવેશ્યા તો જીવુબાની જગ્યાએ મોટી નાગણ ફૂંફાડા મારતી હોય તેવું શ્રીહરિની કૃપાથી દેખાયું. પતિને થયું આ કોઈ સાધારણ સ્ત્રી નથી. ત્યાર પછી રાઈબાઈ અને અમરા પટગર જીવુબાને વેલડામાં બેસાડી માનભેર ગઢડા પહોંચાડે છે.

આમ જીવુબા સાક્ષાત્ 'લક્ષ્મી' નો અવતાર હતા. મહારાજની ખૂબ સેવા કરીને લાડુદાનજીને પણ ઉપદેશ આપી આંખ ઉઘાડી ને શ્રીહરિએ સાધુ દીક્ષા આપી શ્રીરંગદાસજી નામ ધારણ કર્યું.

શ્રીહરિએ જીવુબાને નિરાવરણ દષ્ટિ આપી હતી. મહારાજ જે જે લીલા કરે તે જીવુબા ઘેર બેઠા બેઠા જોઈ શકતાં. પંચાળાના અદિબાઈએ જીવુબા પાસે **'સતીગીતા'** નો અભ્યાસ કર્યો હતો. ગઢડા ગામના રતનબાઈ ભાવસાર મોટીબાના દર્શને આવ્યા ત્યારે મોટાબાએ તેમને કહ્યું કે, ''તારા પેટમાં દીકરો છે તું મને અડીશ નહીં એટલે જ રહેજે.''

આવા સાંખ્યયોગી કર્મયોગી સાક્ષાત્ લક્ષ્મીજીનો અવતાર - નિરાવરણ દષ્ટિવાળા - સેવાભાવી જીવુબા વિક્રમ સંવત ૧૯૧૬ ના જેઠ માસમાં સ્વતંત્ર થકા સમાધિ થઈને અક્ષરધામ સિધાવ્યા.

# સત્સંગ સમાચાર

**પવિત્ર ધનુર્માસમાં વિશ્વના સૌ પ્રથમ શ્રીસ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ મંદિર શીલજના લાભાર્થે શ્રીમદ્ ભાગવત રાત્રીય સપ્તાહ પારાયણ**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી, શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શીલજ (અમદાવાદ)માં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની જમીન સંપાદનના લાભાર્થે શ્રીમદ્ ભાગવત સપ્તાહ રાત્રીય પારાયણનું સુંદર આયોજન પવિત્ર ધનુર્માસમાં પોષ સુદ-૨ તા. ૧-૧-૨૦૨૫ બુધવારથી પોષ સુદ-૭ તા. ૭-૧-૨૦૨૫ પર્યન્ત સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ હતી. જેમાં બોડકદેવ, થલતેજ, સાયન્સ સિટી અને શીલજના હજારો ધર્મપ્રેમી કથા પ્રેમીઓએ લાભ લીધો હતો. આ સમગ્ર પ્રસંગમાં નૂતન મંદિર ભૂમિ પૂજનના યજમાન પ.ભ. હીરાભાઈ સાગરભાઈ ઠક્કર, અ.સૌ. ઉર્મિલાબેન હીરાભાઈ ઠક્કર (થલતેજ), હ. તેજલબેન વિજયભાઈ ઠક્કર, પ્રિયાબેન સંકેતકુમાર, કથાના મુખ્ય યજમાન પ.ભ. મહેશભાઈ લાલભાઈ પટેલ - હ. રેણુકાબેન મહેશભાઈ પટેલ, પોથીયાત્રા ભોજનના યજમાન ગં.સ્વ. લીલાબેન નારાયણભાઈ પટેલ - હ. હર્ષદભાઈ, સંત પૂજનના યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ સોમદાસ પટેલ (ડાંગરવા). આદિ અનેક હરિભક્તોએ ઘણી મોટી સેવા નોંધાવી હતી.

તા. ૫-૧-૨૦૨૫ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે નૂતન મંદિરનું ભૂમિ પૂજન અને શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયા હતા. તેજ દિવસે બહેનોને આશીર્વાદ આપવા અને કથા શ્રવણ કરવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. સમગ્ર આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર શીલજ શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ બોડકદેવ, થલતેજ, શીલજ અને સાયન્સસીટીના સહયોગથી સંપન્ન થયું હતું. ધામોધામથી અનેક પૂજ્યનીય સંતો પધાર્યા હતા. સમગ્ર પ્રસંગ દરમ્યાન સભાનું સુંદર સંચાલન સ.ગુ.શા. સ્વા. નારાયણમુનિદાસજીએ (કોઠારી કાલુપુર મંદિર) સંભાળ્યું હતું. (શ્રી નરનારાયણદેવ સત્સંગ મંડળ બોડકદેવ, થલતેજ, શીલજ, સાયન્સ સીટી)

**વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર આયોજીત નવનિર્મિત રાયસણ (પી.ડી.પી.યુ.) ગાંધીનગરના લાભાર્થે શ્રીમદ્ ભાગવત રાત્રીય પંચાન્હ પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની અનહદ કૃપા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના સંકલ્પ આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની સુંદર પ્રેરણા માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસમાં ગાંધીનગરના રમણીય સુંદર પોશ વિસ્તાર રાયસણ (પી.ડી.પી.યુ.) માં આપણા સ્થાનિક હરિભક્તોની સંખ્યા વધતા શ્રી નરનારાયણદેવના આશ્રિતોને ભગવાન શ્રીહરિનું એક મંદિર હોય તો બધું જ સુખ આપો આપ મળે અને ભાવિ પેઢીમાં સંસ્કારનું સિંચન થાય આવા આપણા હરિભક્તો અહીં નિષ્ઠાવાળા વસે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવને પધરાવવા સંકલ્પ કર્યો અને સુંદર જગ્યા સંપાદન થઈ. આ જમીન અને મંદિરના લાભાર્થે તા. ૮-૧-૨૦૨૫ થી તા. ૧૨-૧-૨૦૨૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત રાત્રીય પંચાન્હ પારાયણ સંપ્રદાયના સુપ્રસિધ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે આ વિસ્તાર અને આજુબાજુના ગામોમાં વસતા હરિભક્તોએ ફક્ત કથામાં જ રસમય બની ગયા હતા એમ નહી પણ નિજ મંદિર માટે પણ સૌએ ખૂબજ સારુ ફંડ એકઠું કર્યું. આ પ્રસંગમાં અનેક ભક્તોએ યજમાન બની લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ઘણા પ્રોગ્રામ કરતા કરતા સાંજે અહીં પધારી સભામાં બિરાજી કથા શ્રવણ કરી સૌ હરિભક્તો ઉપર ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોઠારી કાલુપુર મંદિર)એ સુંદર રીતે કર્યુ હતું.

(શા. સ્વા. નારાયણમુનિદાસજી)

### ડાંગરવા ગામે શ્રીહરિ સ્મૃતિ પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) તથા પૂ. સ.ગુ. મહંત સ્વા. ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા)ની પ્રેરણા માર્ગદર્શનથી શ્રીહરિના અલૌકિક ચરણથી પાવન ભૂમિ ડાંગરવા ગામે અ.સૌ. મધુબેન કાંતિલાલ પટેલ (દલાલ)ના શુભ સંકલ્પથી સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિ સ્મૃતિ કથા પારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય શાસ્ત્રી સ્વામી શ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વરવાળા)ના વક્તા પદે હજારો કથા પ્રેમી ભક્તોએ કથા શ્રવણ કર્યું હતું. તા. ૯-૧-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને ગામના મંદિરમાં દર્શન આરતી કરી કથા પ્રસંગમાં પધારી યજમાન પરિવાર પ.ભ. કાંતિલાલ પટેલ (દલાલ)ને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ બહેનોને દર્શન આશીર્વાદ આપવા પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ. શા. સ્વા. વાસુદેવચરણદાસજી (પોરડા)એ શોભાવ્યું હતું. ધામોધામથી અનેક સંતો પધાર્યા હતા.

(કોઠારીશ્રી ડાંગરવા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધાવી (બહેનોનું) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અને કથા-પારાયણ

સર્વોપરિ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપાથી તેમજ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આશીર્વાદ સહ પ્રેરણાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તેમજ કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાના ગોધાવી ગામે બહેનોનું ભવ્ય મંદિર આપણા બહેનોના ગુરુ પ.પૂ.અ.સૌ. ગાદી વાળાશ્રીની સીધી દેખરેખ હેઠળ સંપૂર્ણ પૂર્ણ થતા તા. ૧૧-૧-૨૦૨૫ પોષ સુદ ૧૨-૧૩ થી તા. ૧૩-૧-૨૦૨૫ પોષ સુદ-૧૫ પર્યન્ત મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક પારાયણ સ.ગુ. શા. સ્વા. સત્યસંકલ્પદાસજી (મહંતશ્રી નારાયણઘાટ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રી વિષ્ણુયાગ, પોથીયાત્રા, નગરયાત્રા, મૂર્તિ પ્રતિષ્ઠા અન્નકૂટ આદિ કાર્યક્રમો સંપન્ન થયા હતા. જેમાં મુખ્ય પ્રસંગોમાં ગામના નાના મોટા તમામ વાઘેલા પરિવારોએ યજમાન બની મહાલાભ લીધો હતો.

તા. ૧૩-૧-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી અને નૂતન મંદિરમાં ઠાકોરજીની અન્નકૂટ આરતી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ ઉતારી બહેનોને સભામાં રૂડા આશીર્વાદ પાઠવી શ્રી નરનારાયણદેવની જેવી નિષ્ઠા છે તેથી વિશેષ રહે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ પણ ભાઈઓને ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. ધામોધામના સંતો મોટી સંખ્યામાં પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોઠારી કાલુપુર મંદિર) અને પાર્ષદ મહેન્દ્ર ભગતે સુંદર રીતે કર્યું હતું.

(કોઠારીશ્રી ગોધાવી મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા સહ આશીર્વાદથી પ.ભ. ગં.સ્વ. કહુંબાબેન રામજીભાઈ સુહાગીયા પરિવાર તરફથી તા. ૩-૧-૨૫ થી ૭-૧-૨૫ પર્યન્ત શ્રીમદ્સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાં. ભારતીબા, ગીતાબા, મીનાબા, મયુરાબા તથા રેખાબાના વક્તાપદે થઈ હતી.

કથા અંતર્ગત આવતા પ્રસંગો ધામધૂમથી ઉજવ્યા હતા. તા. ૭-૧-૨૫ ના સવારે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવનો વઘાર કરી અલૌકિક શાકોત્સવ કરી બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે વિશેષ ધૂન તથા સભાના અંતમાં મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ પધારીને ભગવાનની વાતો કરી હતી. પ.ભ. દાસભાઈનું માર્ગદર્શન પ્રેરણારૂપ હતું. (જી.વી. સીતાપરા)

### શ્રી સહજાનંદ ગુરુકુળ પ્રાર્થના મંદિર કોટેશ્વર ૮ મો વાર્ષિક પાટોત્સવ રાત્રીય પારાયણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂજ્ય સ.ગુ. મહંત સ્વામી શાસ્ત્રી સ્વામીશ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રીહરિના ચરણોથી પ્રસાદીભુત અનાદિ મુક્તરાજ શ્રી ઝવેર ભગતની વાડી કોટેશ્વર નિજ મંદિરમાં ઠાકોરજીનો ૮ મો વાર્ષિક પાટોત્સવ તા. ૨૨-૧-૨૦૨૫ પોષ વદ-૮ થી

તા. ૨૬-૧-૨૦૨૫ પોષ વદ-૧૨ પર્યન્ત ખૂબજ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ કથાકાર પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામીશ્રી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તા પદે અગિયાર નિયમની કથાનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. પાટોત્સવના યજમાન શ્રીહરિના લાડીલા એક હરિભક્ત પરિવાર રહ્યા હતા. સભાનું સુંદર સંચાલન સ.ગુ.શા. સ્વા. નારાયણમુનિદાસજી (કોઠારી કાલુપુર મંદિર) અને પાર્ષદ મહેન્દ્ર ભગતે શોભાવ્યું હતું. કોટેશ્વર અને આજુબાજુના વિસ્તારના હજારો કથા પ્રેમીઓએ કથા શ્રવણ કરી જીવનને ધન્ય બનાવ્યું હતું. (કો. શા. સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ ૧૩ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિનારાયણદાસજી (મલ્લ)ની દિવ્ય પ્રેરણાથી તેમજ જેતલપુર ધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદના ૧૩ માં વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૩૦-૧-૨૦૨૫ થી તા. ૩-૨-૨૦૨૫ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રિયદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકેશવદાસજી (ગાંધીનગર સે-૨૩) ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. પાટોત્સવના યજમાન અ.નિ. કાંતિભાઈ હરજીવનદાસ પારેખ, અ.નિ. મધુબેન કાંતિભાઈ પારેખ, પ.ભ. નરેન્દ્રભાઈ તેમજ શાકોત્સવના યજમાન અ.નિ. મંજુલાબેન ગોરધનભાઈ કચરાભાઈ પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. ધામોધામથી સંતો પધાર્યા હતા. સંતોના હસ્તે ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આરતી અને શાકોત્સવનો અલૌકિક વધાર કરવામાં આવ્યો હતો. (કોઠારીશ્રી ઉવારસદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા પાટોત્સવ-શાકોત્સવ કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા અ.નિ.સ.ગુ. શા. સ્વા. હરિગોવિંદદાસજી તથા અ.નિ. શા. સ્વા. માધવપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. શા.સ્વા. ગુરુપ્રસાદદાસજી (કલોલ)ના માર્ગદર્શનથી કુહા ગામ સત્સંગ સમાજના સુંદર આયોજનથી તા. ૩-૧-૨૫ થી તા. ૫-૧-૨૫ પર્યન્ત ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ, શાકોત્સવ ભવ્યતાથી ઉજવાયા.

આ પ્રસંગના ઉપલક્ષમાં સ.ગુ. શા.સ્વા. ગોપાલચરણદાસજી (જમીયતપુરા)ના વક્તાપદે શ્રી હનુમાનજી ચરિત્ર કથાનું સુંદર આયોજન થયું હતું. જેના યજમાન અ.નિ. ઈશ્વરભાઈ છબાભાઈ પટેલ, અ.નિ. ચિમનભાઈ છબાભાઈ પટેલ, અ.નિ. કાંતિભાઈ ઈશ્વરભાઈ પટેલ, આદિ પરિવારના હરિભક્તોએ કથા વાર્તા-ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, શાકોત્સવનો લાભ લીધો હતો. શા.સ્વા. ઉત્તમચરણદાસજી (કલોલ)એ સુંદર સભા સંચાલન કર્યું હતું. શા. સ્વા. આનંદપ્રસાદદાસજી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને કુહા ગામ સમસ્ત હરિભક્તો દ્વારા સુંદર આયોજન થયું હતું.

(મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી - કલોલ-જમીયતપુરા)

**મોયદ (તા. પ્રાંતિજ) શ્રી સ્વામિનારાયણ મંદિર ૭ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ અ.નિ. સ.ગુ. ભંડારી સ્વામી શ્રી જાનકીવલ્લભદાસજીના દિવ્ય આશીર્વાદથી, સ.ગુ. મહંત સ્વામી શ્રી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા) અને સ.ગુ. મહંત સ્વામી પ્રાણજીવનદાજી (પ્રાંતિજ)ના સુંદર માર્ગદર્શન પ્રેરણાથી મોયદ ગામે તા. ૨૧-૧-૨૦૨૫ થી તા. ૨૩-૧-૨૦૨૫ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન ત્રિદિનાત્મક કથા સ.ગુ. બ્ર.શાસ્ત્રી સ્વામી સરજુદાસજીના વક્તાપદે થઈ હતી. જેના યજમાન પ.ભ. રાજુભાઈ માધાભાઈ પટેલ, પ.ભ. મંજુલાબેન રાજુભાઈ પટેલ પરિવાર રહ્યા હતા.

આનંદ સ્વામીએ સભાનું સુંદર સંચાલન કર્યું હતું. સમગ્ર આયોજન દિનેશ ભગત દ્વારા થયું હતું.

(કોઠારીશ્રી મોયદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર આદિશ્વરનગર નરોડા ખાતે તા. ૫-૧-૨૦૨૫ ના સવારના શ્રી કડવા પાટીદાર સમાજ વાડી (દહેગામ રોડ) માં સૌ હરિભક્તો અને અમદાવાદ મંદિરના પૂ. સ્વામી બળદેવપ્રસાદદાસજી અને પૂ. સ્વા. હરિજીવનદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. (કોઠારીશ્રી - આદિશ્વરનગર)

### કાશીન્દ્રા ગામે શાકોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ જેતલપુર ધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ અ.નિ. અંબાલાલભાઈ ચતુરભાઈ પટેલ, પ.ભ. સુરેશભાઈ અંબાલાલભાઈના યજમાનપદે તા. ૪-૧-૨૦૨૫ ના સાંજે સૌ હરિભક્તોએ સાથે મળી ભવ્ય શાકોત્સવ કાશીન્દ્રા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ઉજવ્યો હતો. (કોઠારીશ્રી કાશીન્દ્રા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ દ્વારા પદયાત્રા. ૨૦ કલાકની ધૂન

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ બાપુનગર એપ્રોચ મંદિરના મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે નિજ મંદિરના દ્વિદશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૯-૧૨-૨૪ ના એપ્રોચ મંદિરથી કાલુપુર મંદિર સંત-હરિભક્તો સાથે પદયાત્રા યોજી હતી. જેમાં ઘણા હરિભક્તો જોડાયા હતા. પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીના આશીર્વાદથી તા. ૩૦-૧૨-૨૪ ના રોજ ૧૦ કલાકની અને તા. ૮-૧-૨૫ ના રોજ ૧૦ કલાકની મહામંત્ર ધૂન કરી હતી. જેમાં કાલુપુર મંદિરથી સાંખ્યયોગી બહેનોએ પધારી કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. (ગોરધનભાઈ સીતાપરા)

### શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને પૂ. સ.ગુ. મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુરધામમાં વિરાજમાન સંકલ્પ પૂર્ણ કરતા મહાપ્રતાપી શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સુંદર આયોજન સ.ગુ. મહંત શા. સ્વામીશ્રી ભક્તિનંદનદાસજી (બાવળા)ના વક્તાપદે સંપન્ન થયું હતું. જેના યજમાન પ.ભ. બ્રિજેશકુમાર શાંતિલાલ પટેલ પરિવારે સુંદર લાભ લીધો હતો. જેતલપુરધામ પ્રદેશના દરેક ગામના હરિભક્તોએ કથાશ્રવણનો લાભ લીધો હતો. (શા. જનમંગલ સ્વામી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અને પૂ. સ.ગુ. મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર ખાતે તા. ૬-૧-૨૦૨૫ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. આ પ્રસંગે પૂ. મહંત સ્વા. કૃષ્ણપ્રકાશદાસજી (જેતલપુર), મકનસર, બીલીયા આદિ ધામોથી સંતોએ કથાવાર્તા કરી, શાકોત્સવનો વઘાર કરી, શ્રી નરનારાયણદેવ યુવક મંડળે શાકોત્સવની અદ્ભુત લીલાના દર્શન કરાવ્યા હતા. બહેનો દ્વારા મંદિરમાં શાકોત્સવની અલૌકિક રંગોળી પુરવામાં આવી હતી. સમગ્ર પ્રસંગમાં હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ ધન્ય બન્યા હતા.

(શા. સ્વા. જનમંગલદાસ - જેતલપુર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુલાસણ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી ઝુલાસણ ગામે ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું.

આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. પી.પી. સ્વામી, બ્ર. સ્વા. કૃષ્ણપ્રિયાનંદજી, શા.સ્વા. જનમંગલદાસજી, નારણપુરા મંદિર, કલોલ મંદિર આદિ સંત મંડળે પધારી કથા વાર્તા કરી શાકોત્સવ ઉજવ્યો હતો. ગામના તમામ હરિભક્તોએ લાભ લીધો હતો.

(શા. સ્વા. જનમંગલદાસજી - જેતલપુરધામ)

### શ્રી સ્વામિનારાયણ મંદિર હાથપાળીયા શાકોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી અને જેતલપુરધામના પૂજ્ય મહંત સ.ગુ. શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા પૂ. મહંત સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીના સુંદર આયોજનથી ઝાડી દેશના હાથાપાળીયા ગામે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. પી.પી. સ્વામી, બ્ર. સ્વા. કૃષ્ણપ્રિયાનંદજીએ પધારી કથા વાર્તાનો સુંદર લાભ આપ્યો હતો. જેતલપુરધામના દ્વિશતાબ્દી

મહોત્સવના ઉપલક્ષમાં તમામ હરિભક્તોને શ્રીહરિના વિવિધ નિયમો લેવા અનુરોધ કર્યો હતો. ગામના અને આજુબાજુના ગામના ઘણા હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. (શા. સ્વા. જનમંગલદાસ - જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવનગરપુરા - કલોલ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી, પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા આશીર્વાદથી તથા સ.ગુ. શા. સ્વામી શ્રી ગુરુપ્રસાદદાસજી, સ.ગુ. શા. સ્વા. શ્રી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી તથા મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતુપરા)ના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ દેશ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર ભાવનગરપુરા - કલોલ મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૬-૧-૨૦૨૫ થી તા. ૩૦-૧-૨૦૨૫ પર્યન્ત ધામધૂમથી ઉજવાયો હતો.

મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં સ.ગુ. મહંત શા. સ્વા. ઉત્તમચરણદાસજી (કલોલ), સ.ગુ. શા. સ્વામી ગોપાલચરણદાસજી (જમીયતપુરા)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ થઈ હતી.

આ પ્રસંગમાં મહોત્સવના મુખ્ય યજમાનશ્રી પ.ભ. કાંતિભાઈ કાલીદાસ પટેલ, વિજુબેન કાંતિલાલ પટેલ પરિવાર (અમેરિકા સોખડા) કથાના મુખ્ય યજમાનશ્રી પ.ભ. પટેલ નારણભાઈ હરગોવનદાસ અને પ.ભ. કમળાબેન નારણભાઈ પટેલ પરિવારે (ગોકુલ ડેરી કલોલ) લાભ લીધો હતો.

તા. ૨૮-૧-૨૦૨૫ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને સર્વે હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૩૦-૧-૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે નિજ નૂતન મંદિરમાં ઠાકોરજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. સભામાં બિરાજીને સૌ હરિભક્તોને રૂડા આશીર્વાદ પાઠવી ખૂબજ રાજી થયા હતા. (શા. યજ્ઞપ્રકાશદાસજી મહંતશ્રી કલોલ-જમીયતપુરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટાંકીયા શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કલોલ-જમીયતુપરા)ની પ્રેરણાથી ટાંકીયા ગામે તા. ૧૯-૧૨-૨૪ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે કાલુપુર મંદિરના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શા. સ્વા. શ્રી પુરૂષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. મહંત શા. સ્વામી ઉત્તમચરણદાસજી (કલોલ) આદિ સંત મંડળે પધારીને કથા વાર્તા કરી શાકોત્સવનો વઘાર કરી હરિભક્તોને રાજી કર્યા હતા. શાકોત્સવના યજમાન પ.ભ. શંકરસિંહ ભવાનજી ચૌહાણ પરિવારે સુંદર લાભ લીધો હતો. (મહેન્દ્રસિંહ ચૌહાણ - કોઠારીશ્રી)

**બાવળા મંદિરમાં શાકોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂજ્ય મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી, પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા બાવળા મંદિરના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીના સુંદર માર્ગદર્શનથી બાવળા મંદિરમાં તા. ૨૨-૧૨-૨૦૨૪ ના રોજ ઉજવાયો હતો જેનાં યજમાન પ.ભ. જગદીશભાઈ રતિલાલ ઠક્કર પરિવાર તરફથી ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ પ્રસંગે જેતલપુરથી પૂ. પી.પી. સ્વામી, કે.પી. સ્વામી, બ્ર. સ્વામી હરિસ્વરૂપાનંદજી, વી.પી. સ્વામી આદિ ધામોધામથી સંતો પધાર્યા હતા. જેમાં બાવળાના તમામ હરિભક્તોએ શાકોત્સવનો લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. ધનુર્માસમાં આખો મહિનો સંત હરિભક્તોએ મહામંત્રની ધૂન કરી હતી. (રાજ ભગત)

**ધમીજ (દહેગામ) મંદિરમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની દેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અ.નિ. પૂજ્ય ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજીની દિવ્ય પ્રેરણાથી અને પૂ. મહંત સ્વામી સ.ગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-પોરડા)ના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધમીજ ખાતે તા. ૨૪-૧-૨૫ ના રોજ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે ધામોધામના પૂજ્ય મહંતશ્રી અને સંતો પધાર્યા હતા. ગામના તમામ હરિભક્તોને પ.પૂ. લાલજીમહારાજશ્રીએ ખૂબ રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા. (સમગ્ર સત્સંગ સમાજ ધમીજ વતી શ્રી દિનેશભાઈ, શ્રી હિતેશભાઈ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**કારતક સુદ-૧** પ.ભ.અ.નિ. દેવેન્દ્રભાઈ અરવિંદભાઈ (કલોલ). **કારતક સુદ-૨** પ.ભ. ઘનશ્યામભાઈ પરસોતમભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ.અ.નિ. પ્રેમજીભાઈ જયરામભાઈ (વડતાલ), પ.ભ. બિપીનભાઈ શંકરલાલ પટેલ (રાજપુર), પ.ભ. હિરાબેન દશરથભાઈ પટેલ (કલોલ). **કારતક સુદ-૩** પ.ભ. લક્ષ્મણભાઈ પ્રેમજીભાઈ ટાંક (સુરત), શ્રી નરનારાયણદેવ યુવક મંડળ (ઝુંડાલ), પ.ભ. ધ્યેય જીતેનભાઈ જડીયા (રાજકોટ), પ.ભ. પ્રમોદ ગાંડાલાલ ચોકસી (કોઠા), પ.ભ. વિરધ્વજસિંહ મહાવીરસિંહ વાઘેલા (ખોડા), પ.ભ. હરેશ સોરઠીયા (અમદાવાદ), પ.ભ. જયશ્રી દેવેન્દ્ર દલાલ (સુરત). **કારતક સુદ-૪** પ.ભ. કરશનભાઈ કુબેરદાસ પટેલ (દેઉસણા). **કારતક સુદ-૫** પ.ભ. બળદેવભાઈ કુબેરભાઈ (આનંદપુરા), પ.ભ. સવિતાબેન જયંતીલાલ પટેલ (નારદીપુર), પ.ભ. હિતેષભાઈ રતીલાલ પટેલ (પોર-ગાંધીનગર), પ.ભ. પ્રતિક એચ. પટેલ (અમદાવાદ), પ.ભ. સંજયભાઈ છગનભાઈ દુધાત (અમદાવાદ), પ.ભ. નિલ, હરિ, સહજ (અમદાવાદ), પ.ભ.અ.નિ. પ્રેમજી રામજી ખેતાણી (કચ્છ). **કારતક સુદ-૬** પ.ભ.અ.નિ. દેવકીબેન કેશરાભાઈ પટેલ (વલસાડ), પ.ભ. નિલેશભાઈ નટવરભાઈ પ્રજાપતિ (અમદાવાદ), પ.ભ. ચિરાયુ પ્રવિણભાઈ દેવાણી (નિકોલ). **કારતક સુદ-૭** પ.ભ. બિનલબેન આશિષભાઈ ચૌધરી (માણેકપુર), પ.ભ. પ્રવિણભાઈ હરિભાઈ મીસ્ત્રી (બોટાદ), પ.ભ. મહેન્દ્રભાઈ પટેલ (દેઉસણાવાળા). **કારતક સુદ-૮** પ.ભ.અ.નિ. ઠાકરસીભાઈ મૂળજીભાઈ પટેલ (અમદાવાદ). **કારતક સુદ-૯** પ.ભ. વિનુપ્રસાદ મોહનલાલ પટેલ (દહેગામ), પ.ભ. ભાવિનભાઈ પટેલ (નિકોલ), પ.ભ. સોમાભાઈ ભુરાભાઈ પટેલ (રાયણીયા), પ.ભ. કિશોરભાઈ ઉજમશીભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. અમૃતાબેન વિસનજી મહેતા (મુંબઈ). **કારતક સુદ-૧૦** પ.ભ. વાણી નિરવકુમાર ચૌધરી (માણેકપુર). **કારતક સુદ-૧૧** પ.ભ.અ.નિ. નારણ કલ્યાણ હિરાણી (સુખપર-કચ્છ). **કારતક સુદ-૧૨** શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે (વડતાલ મંદિર), પ.ભ. ભારતીબેન લાલભાઈ સોની (અમદાવાદ), પ.ભ. જયંતિભાઈ પલાભાઈ પટેલ (નરોડા), પ.ભ. રૂખીબેન અંબાલાલ પટેલ (ગવાડા), પ.ભ. અમિતાબેન કાંતિભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), પ.ભ. ઈવાન ધ્રુવ પટેલ (અમદાવાદ), તેજ સ્ટુડીયો - પ.ભ. તર્પિત (અમદાવાદ), પ.ભ. ત્રિકમરામ ખારવા (રાજસ્થાન), સાંખ્યયોગી ગીતાબા-મીનાબા, મધુબા (હવેલી-અમદાવાદ), પ.ભ. અર્જુન દિપકકુમાર સાવલીયા (અમદાવાદ). **કારતક સુદ-૧૩/૧૪** પ.ભ.અ.નિ. મુળજી હિરજી વેકરીયા (સુખપર-કચ્છ), પ.ભ. લાલભાઈ કુંવરજી હાલાઈ (મેઘપર-કચ્છ), પ.ભ.અ.નિ. મોહનભાઈ કલ્યાણભાઈ ધામેલીયા (સુરત), પ.ભ.અ.નિ. પ્રેમબાઈ કેસરા હાલાઈ (બળદીયા-કચ્છ), પ.ભ. દિલીપભાઈ ઠક્કર (દિયોદર), પ.ભ. ડૉ. અમરશીભાઈ ગોહેલ (રાજકોટ). **કારતક સુદ-૧૫** પ.ભ.અ.નિ. મગનભાઈ ડુંગરભાઈ ભોરણીયા (જુનાદેવળીયા), પ.ભ. વેદિકા નયન કાનાણી (અમદાવાદ), પ.ભ. સૌરવ ભૂપેન્દ્રભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. આકાશ વડોદરીયા (અમદાવાદ), પ.ભ. ચૌધરી મણીલાલ રામજીભાઈ (સમૌ), પ.ભ. અંકિત અલ્કેશભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. હાર્દિકભાઈ પટેલ (ગાંધીનગર).

**કારતક વદ-૧** પ.ભ.અ.નિ. વિરબાઈ રામજી હિરાણી (સુખપર-કચ્છ), પ.ભ. જયેશભાઈ પ્રભુદાસભાઈ પટેલ (ગોરજ), પ.ભ.અ.નિ. ચિમનભાઈ ઓધવજીભાઈ ઠક્કર (બોપલ). **કારતક વદ-૨** પ.ભ. મુકેશભાઈ વિનુભાઈ પટેલ (અંબાપુર). **કારતક વદ-૩** પ.ભ. લલીતાબેન લાલભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ.અ.નિ. અરવિંદભાઈ કે. મહેતા (અમદાવાદ), પ.ભ. રમીલાબેન અમિતભાઈ દેસાઈ (નિકોલ). **કારતક વદ-૪** પ.ભ. વાલજી કરશન હિરાણી (બળદીયા-કચ્છ), પ.ભ. સિધ્ધિબેન દર્શિતભાઈ, પ.ભ. ઈન્દ્રવદન અને લીલાબેન (નડીયાદ), એચ. કે. ટ્રાવેલ્સ (અમદાવાદ). **કારતક વદ-૫** પ.ભ. કૃષ્ણકાંત કાંતિલાલ પટેલ (રાણીપ), પ.ભ. કનુભાઈ કે. વેકરીયા (અમદાવાદ). **કારતક વદ-૬** પ.ભ.અ.નિ. અશોકભાઈ વાલજીભાઈ ચોટલીયા (હવેલી), પ.ભ. સુધાબેન મનુભાઈ પટેલ (બાયડ), પ.ભ. લાલજી કાનજી વેકરીયા (બળદીયા-કચ્છ), સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ આનંદ સ્વામી (કાલુપુર મંદિર), પ.ભ. લીલાબેન મોતીભાઈ જાદવ (માલણપુર). **કારતક વદ-૭** પ.ભ. ચેતનભાઈ ભગાભાઈ (આનંદપુરા), પ.ભ. ધગશકુમાર હસમુખભાઈ પટેલ (લવારપુર), પ.ભ.અ.નિ. મહેશભાઈ રામભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. ધ્રુવિક મુકેશભાઈ પટેલ (વડુ). **કારતક વદ-૮** પ.ભ. કેતન દેવરાજ ભોજાણી (બળદીયા-કચ્છ), પ.ભ. ઉમંગ શૈલેષભાઈ પટેલ (મુંબઈ), પ.ભ. લક્ષ્મણભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (ખંડેરાવપુરાવાળા), પ.ભ.અ.નિ. રાવજીભાઈ અંબાલાલ પટેલ (ઝુંડાલ). **કારતક વદ-૯** પ.ભ.અ.નિ. ગોવિંદભાઈ ચિમનભાઈ સ્વામિનારાયણ (અમદાવાદ), અ.નિ. સ.ગુ. સ્વા. હરિપ્રિયદાસજી (સલકીવાળા), પ.ભ.અ.નિ. જયાબેન રમણીકલાલ (ભુજ-કચ્છ). **કારતક વદ-૧૦** પ.ભ. શ્રીનાથ રાજેશભાઈ અમીન (અમદાવાદ), પ.ભ. રામભાઈ જોઈતનદાસ પટેલ (વેડા-કલોલ), પ.ભ. જાદવજી શિવજી માનબાઈ જાદવજી વેકરીયા (મિરજાપુર-કચ્છ). **કારતક વદ-૧૧** પ.ભ. ધનજી રામજી વેકરીયા (બળદીયા-કચ્છ). **કારતક વદ-૧૨** પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ), હરિૐ પરિવાર પ.ભ. શૈલેષભાઈ (સરસપુર). **કારતક વદ-૧૩** પ.ભ.અ.નિ. પ્રેમબાઈ રત્ના ધાનાણી (સુખપર-કચ્છ), પ.ભ. ક્રિષ્ણા અરવિંદભાઈ પટેલ (વડુ), પ.ભ. રિકીનભાઈ નરેશકુમાર ઠક્કર (અમદાવાદ). **કારતક વદ-૧૪** પ.ભ.અ.નિ. નટુભાઈ મોતીભાઈ પટેલ (ધમીજ), પ.ભ. નવીનચંદ્ર ગોવિંદલાલ પટેલ (મોખાસણ), પ.ભ. સ્મિતલ ચૌધરી (હ્યુસ્ટન). **કારતક વદ-૩૦** પ.ભ. નિર્વિષા અરવિંદભાઈ વેકરીયા (મિરાજપુર-કચ્છ), પ.ભ. સમીરભાઈ નરેશભાઈ મહેતા (સોનગઢ), પ.ભ. ગોવાભાઈ સોમાભાઈ ચૌધરી (ઈશ્વરપુરા), પ.ભ. મનીષભાઈ જીતેન્દ્રભાઈ ચોકસી (અમદાવાદ), પ.ભ. લોકેશભાઈ સુતરીયા (અમદાવાદ), પ.ભ. જલાબેન પૂંજાભાઈ વાનસા (અમદાવાદ), પ.ભ. દેવ રૂપેશભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. આનંદીબેન વિષ્ણુભઈ પટેલ (ગુલાબપુરા), પ.ભ. રાજેન્દ્રભાઈ કાનજીભાઈ પટેલ (ગવાડા), પ.ભ.અ.નિ. મેઘબાઈ શામજી હિરાણી (ગોધરા-કચ્છ).

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji




અમદાવાદ શીલજ મંદિરના ખાતમુર્હૂત પ્રસંગે શાકોત્સવમાં શાકનો વઘાર કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



મહીજ ગામે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



ઘમીજ ગામે શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી




ટોરડા શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સ્નેહ મિલનમાં આશીર્વાદ આપતા પ.પૂ.લાલજી મહારાજશ્રી



નારણપુરા મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી



અમદાવાદ જી.એમ.ડી.સી.ગ્રાઉન્ડ ખાતે હિન્દુ આધ્યાત્મિક સેવા મેળામાં આપણા કાલુપુર મંદિરની ઝાંખી



ચાંદખેડા (અમદાવાદ) પારાયણ પ્રસંગે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીનું પૂજન કરતા યજમાન પરિવાર

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026





અમદાવાદ મંદિરમાં ધનુર્માસ દરમ્યાન શાકોત્સવ કરતા પ.પૂ.મહારાજશ્રી તથા ચોકમાં શિસ્તબધ્ધ રીતે પ્રસાદ ગ્રહણ કરતા હરિભક્તો.



અમદાવાદ મંદિરમાં પોતાના વરદ્ હસ્તે સંત મહાદીક્ષા સંપન્ન કરતા પ.પૂ. મહારાજશ્રી



અમદાવાદ મંદિરમાં ધનુર્માસની પૂર્ણાહુતિ પ.પૂ.લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં સંપન્ન થઈ.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

## શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

# સમૈયો

23-1-2026 - 27-1-2026

અધ્યક્ષ

પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ

Praful Kharsani